


સફળતાની પ્રેરણાત્મક વાતો...

# મારા ઠોઠ વિદ્યાર્થીઓ

– 'સાગર' રામોલિયા

MARA THOTH VIDYARTHIO
(Inspirational stories of Success)
By 'Sagar' Ramolia

ISBN : **978-93-5416-678-5**

(C) 'સાગર' રામોલિયા

પૃષ્ઠ સંખ્યા : ૪૮

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૨૦

**મૂલ્ય : વિના મૂલ્યે**

**ચિત્રાંકન : મુકેશ ગંગારામ રાઠોડ**
**હરેશ ગંગારામ રાઠોડ**

પ્રકાશક-મુદ્રક-આવરણ :
'સાગર' રામોલિયા
૧૧૦-એફ, ઓશવાળ-૩ સોસાયટી, શેરી નં. ૨,
એરફોર્સ-૨ રોડ, જામનગર-૩૬૧૦૦૬
મો. ૯૯૯૮૯૭૧૮૨૩




# પહેલા મળો અમારા આ ચેમ્પીયનોને...




આ પુસ્તક તો મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને યાદ કરીને લખ્યું છે, પણ આ પુસ્તકનું ચિત્રાંકન તો અમારી શાળાના ધો.૭-૮ના આ બંને વર્તમાન વિદ્યાર્થીઓએ પોતાની કાબેલિયતથી કરી બતાવ્યું છે.

કદાચ કોઈને એમ થશે કે, આ લોકો વળી શેના ચેમ્પીયન છે! કોઈ માને કે ન માને... પણ મારા મત મુજબ તો મજૂરીકામ કરીને રળી ખાતા ગંગારામભાઈના આ બંને પુત્રો ચેમ્પીયન જ છે. તેનું કારણ એ છે કે, હું તો માત્ર ચિત્રનું વર્ણન કરતો હતો, આ બંને એ વર્ણનના આધારે ચિત્ર દોરીને મને આપી દેતા હતા. જે આ બંનેની ઉંમરના પ્રમાણમાં ઘણું સારું છે. શીખે છે, છતાં આટલું બધું કરી શકે છે. અમારી શાળા માટે તો આ ગૌરવની વાત છે.

બીજી વાત બંનેના બેકગ્રાઉન્ડ વિશે... તો બંને જ્યાં રહે છે તે મારવાડાવાસ ઝૂંપડપટ્ટી જેવો વિસ્તાર છે. આવા વિસ્તારમાંથી આવતા હોવા છતાં બંનેમાં કલાનો ભંડાર છે. ચિત્રકામ તો સારી રીતે જાણે જ છે, પરંતુ 'વેસ્ટમાંથી બેસ્ટ'ની પ્રવૃત્તિમાં પણ આગળ જ હોય. માટીકામ હોય, કે કાગળકામ, બંનેની નિપુણતા ઝળકી ઊઠે. જૂના-નકામા કાપડમાંથી પણ કંઈક સર્જન કરી નાખે. કયારેક તેમની પાસે અભિનય કરાવ્યો, તો તેમાં પણ પાછા ન પડયા. એમ માનોને કે, શાળાની કોઈ પ્રવૃત્તિમાં પાછા ન પડે.

પહેલા તો હું આ પુસ્તક કોઈપણ જાતના ચિત્રાંકન વગર જ છાપવાનો હતો. પણ એક દિવસ નોટીસબોર્ડ ઉપર આ બંનેની કળા ધ્યાનમાં આવી અને મારો વિચાર બદલ્યો. બંનેને પ્રોત્સાહન મળે એ હેતુ પણ ધ્યાનમાં આવ્યો. બંનેને બોલાવી વાત કરી. બંને ખૂબ રાજી થયા અને તૈયારી બતાવી. પછી તો સર્જન થવા લાગ્યું અને તેનું પરિણામ છે આ પુસ્તક.

તો આવા ચેમ્પીયનોનો ઉત્સાહ તો વધારવો જ જોઈએને! શું કહેવું છે તમારું?

– 'સાગર' રામોલિયા



# માથા વગરની ઢીંગલીઓ

વાતાવરણ શાંત હતું. ખુશનુમા હવા વહી રહી હતી. આજે થયું, લે ને થોડો ચાલતો આવું. ચાલીને નીકળ્યો. શેરીમાંથી મુખ્ય રસ્તે પહોંચ્યો. ત્યાં આવક-જાવક ઘણી હતી. જે વાતાવરણમાંથી હું નીકળ્યો હતો, તે અહીં તો જાણે બદલાઈ જ ગયું! સામે જોઈને ચાલતો હતો, ત્યાં કાને અવાજ પડયો, "રામોલિયાસાહેબ...!"

મેં પાછા વળી જોયું. એક રમકડાંની દુકાનમાંથી યુવાનીના કાંઠે પહોંચેલો એક છોકરો હાથ ઊંચો કરીને મને બોલાવતો હતો. હું ત્યાં ગયો.

તે બોલ્યો, "સાહેબ, મને ઓળખ્યો?"

મેં માથું 'ના'માં ધુણાવ્યું.

તો તે બોલ્યો, "હું ધના વના સોલંકી. તમારી પાસે ભણતો. તમે જેને 'ઠોઠડો' કહીને બોલાવતા!"

મને ઝાંખું-ઝાંખું યાદ આવી ગયું. મેં તેની બાજુમાં ઊભેલા બુઝુર્ગ તરફ જોયું. તેઓ તો અવાચક જ બની ગયા હતા. ઘડીક મારા તરફ જુવે, તો ઘડીક પેલા છોકરા તરફ. મેં દુકાનમાં નજર નાખી, હવે અવાચક બનવાનો વારો મારો હતો. દુકાનમાં અનેક જાતની ઢીંગલીઓ હતી, પણ કોઈની માથે માથું નહોતું. મેં હાથના ઈશારાથી પેલા બુઝુર્ગને પૂછયું.

તેઓ બોલ્યા, "આ મારો દીકરો ધનો. ઢીંગલીઓ ખૂબ સારી બનાવે. પણ માથું માથે રાખવા જ ન દે. કોઈ ઢીંગલી લેવા આવે, તો માથે માથું રાખીને દેખાડે."

મેં પૂછયું, "કેમ?"

હવે ધનો બોલ્યો, "સાહેબ, એક વખત હું ને મારી બેન રસ્તે ચાલતાં

હતાં. ત્યાં એક 'બાઈક'વાળો મારી બેનને ઠોકરથી ઉડાડતો ગયો. તે ઊડીને પડી ગાડીના પાટા ઉપર. ત્યાં જ ગાડી આવી. મારી બેનનું માથું કપાય ગયું, સાહેબ! મારી ઢીંગલીનું માથું કપાય ગયું, સાહેબ!"

તેને અટકાવી બુઝુર્ગ બોલ્યા, "તે દિવસથી ઘનો સૂનમૂન રહેવા લાગ્યો. કોઈ સાથે બોલે નહિ. શાળાએ જાય નહિ. બસ, બેઠો જ રહે! થોડા દિવસ પછી બબડવા લાગ્યો, મારામાં શક્તિ છે, મારામાં કલા છે. અને ઢીંગલીઓ બનાવવા લાગ્યો. સરસ અને સુંદર ઢીંગલીઓ. પણ બધી આ રીતે. છતાંયે ખૂબ કમાણી થાય છે."

ફરી ઘનો બોલ્યો, "સાહેબ, તમે જ કહેતાને? 'દરેક માણસમાં ખૂબ શક્તિ કે આવડત હોય છે. તેને બહાર લાવતા આવડવું જોઈએ.'

હા, તમે એ પણ કહેતા, 'તું ભણવામાં નબળો છો, પણ તારામાં કલાની સૂઝ છે. તું આગળ વધજે. સાહેબ, હું જે બબડતો હતો, એ તમે કહેલી જ વાત હતી. જે આજે તમને જોયા પછી મને યાદ આવ્યું."

તે મારા પગે પડી ગયો.

મારા મનમાં ઝબકારો થયો, "કોઈએ કહેલા પ્રોત્સાહનના બે શબ્દો કોઈની જિંદગીને સજાવી જાય છે."

★ ★ ★





# સાહેબ! હું ભીખ માગતી નથી

એક દિવસ માર્કેટમાં શાકભાજી લેવા જવાનું થયું. જુદા-જુદા અવાજો આવી રહ્યા હતા :

"હાલો...! બટેટાં ૨૦નાં કિલો, ટમેટાં ૩૦નાં કિલો, ચોળી ૫૦ની કિલો!" આવું-આવું ઘણું બધું. મેં પણ થોડી ખરીદી કરી. થોડો હરખાતો હતો, કે મેં આજે ભાવ ઓછા કરાવીને ખરીદી કરી. પણ એ હરખ વધુ વખત ન ટક્યો.

હવે હું ઘેર જવા માટે નીકળ્યો. ત્યાં એક જગ્યાએ વધારે ભીડ જોવા મળી. સાથે-સાથે અવાજ પણ સંભળાતો હતો : "બટેટાં બારનાં કિલો, ટમેટાં ત્રેવીસનાં કિલો, ચોળી ચોત્રીસની કિલો!" હું ચમક્યો. મેં ભાવ ઘટાડીને લીધેલી વસ્તુ અહીં તો એ કરતા પણ સસ્તી? કઈ રીતે? પેલા લોકો તો કહેતા હતા કે, હવે આનાથી ઓછામાં પોસાય એમ જ નથી, તો અહીં આમ કેમ? હવે શાક લેવાનું તો નહોતું! છતાં ખાતરી કરવાનું મન થયું. શિક્ષક ખરોને! કદાચ વાસી હશે એવું વિચાર્યું. જઈને જોયું. પણ એકદમ તાજાં શાકભાજી! છતાં ભાવ ઓછો! શું બીજા છેતરવાનું કામ જ કરે છે!

હું ભીડમાં ઊભો રહ્યો, બોલ્યો : "બેન! તમે આ શાકભાજી આટલાં સસ્તાં કેમ વેંચી શકો છો? માર્કેટમાં તો ક્યાંય આટલો ઓછો ભાવ નથી."

તેણે ઊંચું જોયું. પછી કહે, "મારે મારા ત્રણ અપંગ છોકરાને નભાવવા છે, સાહેબ!"

હું ચમક્યો. ત્રણ છોકરા, ને ત્રણેય અપંગ! કુદરત આટલી ક્રૂર! મારાથી પૂછાય ગયું, "ત્રણેય અપંગ? આ શું કહો છો, બેન!"

તે કહે, "મને બેન કે તમે ન કહો, સાહેબ!"

મેં કહ્યું, "અજાણ્યાને તું ન કહેવાય."

તે કહે, "હું અજાણી નથી."

મેં કહ્યું, "કઈ રીતે?"

શાક લેવાવાળાને એકબાજુ રાખીને મંડી ગઈ બોલવા, "અરે, રામોલિયાસાહેબ! તમે તો મારા ગુરુજી છો! હું તમારી પાસે ભણતી. મારું નામ લીલી સવજીભાઈ રાઠોડ. તમે તો સાહેબ છો! અમારા જેવા તમને યાદ ક્યાંથી હોય? હા, સાહેબ! હું સાત ધોરણ ભણી. થોડાં વરસમાં મારું લગ્ન થયું. બેલડાના બે દીકરા થયા. પણ બેય અપંગ. મારા ધણીને આ ખબર પડી. એ થોડો પાણીપોચો! એટલે આ આઘાતમાં એનેય પક્ષઘાતનો હુમલો આવી ગયો. એમાંથી એ બચી તો ગયો, પણ અપંગ થઈ ગયો. સાવ છોકરા જેવો. એટલે એ સહિત હું ત્રણ છોકરા ગણું છું."

આટલું બોલ્યા પછી જરા અટકી. મારાથી નિઃસાસો નખાય ગયો. દિલ જાણે દુઃખતું હતું. હવે હું કંઈ કહું એ પહેલા તો એ ફરી બોલવા લાગી, "હા, સાહેબ! તમે ભણાવતાં-ભણાવતાં અલકમલકની વાતો કરતા. મને ભણવામાં તો રસ નહોતો, પણ તમારી વાતોમાં મજા આવતી. એક વખત તમે કહેલને કે, 'ભીખ સૌથી ભૂંડી છે અને જે પ્રામાણિકતાથી કમાણી કરે છે, તેને ભગવાન પણ મદદ કરે છે.' જુવો સાહેબ! હું ઓછો ભાવ રાખું છું, તો પણ તેમાંથી નફો મળે છે. ખોટી રીતે કોઈને છેતરતી નથી. એટલે જાણે ભગવાન મદદ કરે છે અને મારું ઘર ચાલ્યા કરે છે. મારા ત્રણ અપંગને આગળ ધરીને ભીખ નથી માગતી, સાહેબ!"

હું બોલ્યો, "તેં જે બોધ પછી લીધો, એવો બોધ જો ભણતા હોય ત્યારે જ સમજમાં આવી જતો હોય, અને વિદ્યાર્થીઓ તે મુજબ મહેનત કરતા હોય, તો કોઈ ઠોઠ રહે જ નહિ! અમારા પ્રત્યેની તારી નિષ્ઠાને હું વંદન કરું છું, લીલી!"

★ ★ ★



# ડૉક્ટર હું, કે તમે?

શિક્ષક માટે એક વાત એ બનતી હોય છે કે તેની પાસે ભણેલ વિદ્યાર્થી અચાનક મળી જાય છે. હું શિક્ષક છું. આવા ઘણા અનુભવો મને થયા છે. ક્યારેક તો આવો અનુભવ આશ્ચર્યમાં મૂકી દે છે.

એક દિવસની વાત છે. મને પેટમાં થોડી તકલીફ થવા લાગી. ત્યારે હું જામનગરથી બહાર હતો. એટલે બીજાને પૂછીને દવાખાના વિશે માહિતી મેળવી અને ત્યાં ગયો. ત્યાં જઈ વાત કરી. એટલે એક પથારી ઉપર સુવડાવી નર્સ અને બ્રધર ચેકઅપ કરવા લાગ્યાં.

આવી તકલીફ પહેલા પણ મને થયેલી. ત્યારે જે દવા અને ઈંજેકશનથી સારું થયું હતું તે હું જાણતો હતો. એટલે થોડી શિક્ષકગીરી વાપરવા ગયો, મારું જ્ઞાન થોડું પ્રદર્શિત કરવા ગયો. એટલે હું કહેવા લાગ્યો, "મને ફલાણું ઈંજેકશન અને ફલાણી દવા આપી દો. તેનાથી મને સારું થઈ જશે. તમારે વધારે મહેનત નહિ કરવી પડે." હું જ્યારે મારું જ્ઞાન વેરી રહ્યો હતો ત્યારે પાછળથી એક અવાજ સંભળાયો, "ડૉક્ટર હું, કે તમે?" મેં એ બાજુ જોયું અને બોલ્યો, "ડૉક્ટર તો તમે જ લાગો છો!"

એ આગળ આવે છે, મારા પગને પકડીને ઊભો રહે છે અને કહે છે, "તમે નહિ કહેવાનું, 'તું' કહો!"

હું બોલ્યો, "તું?"

તે કહે, "હા, તમારી બોલીમાં કહું તો મારું ડાચું જુવો અને ઓળખો!"

મેં કહ્યું, "ના, ભાઈ! ઓળખાણ નથી પડતી. બહાર તો 'ડૉ. પી. પી. પોપટ' લખ્યું છે. પણ કંઈ યાદ નથી આવતું."

તે કહે, "અરે! હું તમારો વિદ્યાર્થી પરેશ પ્રિતમભાઈ પોપટ."

મને યાદ આવ્યું. હું બોલ્યો, "એક વખત મારા ગુસ્સાથી જેના પેન્ટમાં 'પીપી' થઈ ગયું હતું એ તું 'પી.પી.'? ભણવું તો તારા માટે દુશ્મન જેવું હતું!"

તે કહે, "હા!"

હું ઊભો થઈ ગયો અને બોલ્યો, "તો તો મારે અહીં દવા લેવી જ નથી. તારા જેવા ઠોઠડા ડૉક્ટર બની જાય એ શું મારી સારવાર કરશે? ડિગ્રી સાચી છે કે પછી છાપાંમાં આવે છે એવી?"

તે થોડા ઊંચા અવાજે બોલ્યો, "છાનામાના સૂતા રહો! આ પણ તમારું જ શિક્ષણ છે. તમારા લીધે જ હું ડૉક્ટર બન્યો છું."

હું આશ્ચર્યથી બોલ્યો, "મારું શિક્ષણ? મારા લીધે ડૉક્ટર?"

તે બોલવા લાગ્યો, "તમને યાદ છે? કોઈને કાંઈ થાય તો પાટ્ટાપીંડી હું જ કરતો. એક દિવસ તમે જ બોલ્યા હતા, 'એલા, પરિયા! તારે તો ડૉક્ટર બનવાની જરૂર છે. ભણવામાં પણ ધ્યાન દે!' ત્યારે તો મને ન સમજાયું. પણ જ્યારે દસમા ધોરણમાં આવ્યો, ત્યારે તમારા શબ્દો મારા મનમાં ગૂંજવા લાગ્યા. મેં નક્કી કર્યું. ગમે તેટલી મહેનત કરવી પડે, પણ રામોલિયાસાહેબના શબ્દોને કલંક નહિ લાગવા દઉં. એ શબ્દોને માત્ર કટાક્ષ જ નહિ રહેવા દઉં. બસ, પછી તો મંડાય જ પડયો. એનું પરિણામ આજે તમારી સામે છે. આજે હું ઠોઠડો વિદ્યાર્થી નહિ, અહીંનો પ્રખ્યાત ડૉક્ટર છું." આમ કહીને તે હાથેથી મારા પગ પકડી, મસ્તક મારા પગ ઉપર રાખીને ઊભો રહ્યો.

હું અહોભાવથી તેની સામે જોઈ રહ્યો. મેં કહ્યું, "અમારા શબ્દોને આટલું માન આપીને અમારું માન વધારનાર તારા જેવા વિદ્યાર્થી તો અમારી જિંદગીનું ઘરેણું છે. તેં તો મારી શોભા વધારી છે. તારી વાત સાંભળીને જ મારું દર્દ તો ગાયબ થઈ ગયું. સુખી રહે અને સૌને સુખી કર!"

★ ★ ★







# સાહેબ અમારા ગબ્બરસિંગ

એક વખત હું કાપડની દુકાનમાં ગયો. મારા પહેલા ત્યાં બીજા લોકો પણ ખરીદી કરવા આવેલ. દુકાનમાં એક યુવાન મલકાતો-મલકાતો જુદી-જુદી જાતનાં કાપડ દેખાડી રહ્યો હતો. બધામાંથી પરવાર્યા ત્યારે તે યુવાનનું ધ્યાન મારા તરફ ગયું. મને જોઈને તે થોડો ગંભીર થઈ ગયો.

હું બોલ્યો, “કેમ ભાઈ! અત્યાર સુધી તારા મુખ ઉપર જે મલકાટ હતો તે ક્યાં ગાયબ થઈ ગયો!”

તે તૂટક - તૂટક બોલ્યો, “રામોલિયાસાહેબ..... હું મનાલ... મણિમલ....... માલજાણી..... તમે નિબંધ..... મેં... ગબ્બરસિંગ.....” એ મારા પગે પડી ગયો.

તે આટલું બોલ્યો. મને યાદ આવી ગયું. આમ તો કવિ-લેખકનું હૃદય કોમળ હોય છે. પણ વર્ગમાં હું શિક્ષક બનીને જાવ. તેથી ત્યાં શીખવવાનો લોભ વધારે. વળી ત્યારે સરકાર તરફથી બાળકને મારવાની મનાઈ નહોતી. એટલે બાળકને વધુમાં વધુ શીખવવા હું સામ-દંડ-લાગણી - જ્યારે જેવી જરૂરિયાત - ઉપયોગ કરી લેતો. આ મનાલ ભણવામાં કક્કાનો કદી' ન બદલાયેલો મૂળ અક્ષર. પેલા તેના પ્રત્યે ખૂબ લાગણી દર્શાવી અને પ્રેમથી શીખવતો. માનોને કે, મારા કવિપણાની બધી કવિતા અહીં નાપાસ થઈ. ત્યારે દિલમાંથી કવિની કોમળતાને કોરાણે મૂકીને આ મનાલને એક ઝાપટ મારીને કહ્યું, “આટલું આ યાદ રાખવાનું જ છે.” જાણે ચમત્કાર થયો! તે તેણે યાદ કરી લીધું. ક્યારેક-ક્યારેક ઝાપટનો ચમકારો બોલાવવો પડતો અને એ રીતે એ વાંચતાં-લખતાં શીખી ગયો.

એક વખત મેં વર્ગમાં ‘મારા શિક્ષક’ વિષય ઉપર નિબંધ લખવા કહ્યું.

બાળકો લખતાં હોય ત્યારે ધીમા ડગલે બાળકો વચ્ચે ફરવાની મને ટેવ. જેથી તે શું કરે છે એ જોઈ પણ શકાય. આ મનાલે પણ નિબંધ લખ્યો. તેમાં અમુક વાક્યો આ પ્રકારનાં હતાં, 'છે ને અમારા સાહેબ ભણાવે તો બહુ. પણ તેમને જોઈને મને શોલે ફિલમ યાદ આવે. એનો પેલો ગબ્બર યાદ આવે. અમારા સાહેબ ગબ્બરની જેમ જ અમારી વચ્ચે આંટા મારે. મને સાહેબની બીક લાગે. પણ ભણાવે બહુ હો...'

મેં મનાલને કહ્યું, "તને હજી બીક લાગે છે? કે મને જોઈને ગંભીર થઈ ગયો! એવું કાંઈ ન હોય. અમે એવું યાદ પણ ન રાખીએ. આ દુકાન કોની છે?"

પછી તો એ ખીલ્યો, "આ દુકાન મારી જ છે. હું ૯ ધોરણ સુધી જ ભણ્યો. પણ તમે જે વાર્તાઓ કહેતા, તેમાંથી મને ઘણી યાદ છે. તમે ધીરૂભાઈ અંબાણીની વાતમાં કીધું હતું ને કે, તેઓ પહેલા તો ભંગારની ફેરી કરતા, પણ આગળ વધવાનું સપનું જોયું અને મહેનત કરી આગળ વધ્યા અને ખૂબ ધનવાન બની ગયા. મેં પણ તમારી આવી વાતો યાદ કરીને આગળ વધવાનું નક્કી કર્યું. મેં થોડું કાપડ લઈને ખભે ગાંસડી ટીંગાડી ફેરી કરી વેપાર કર્યો. ધીમે-ધીમે પૈસા ભેગા કર્યા અને આ દુકાન બનાવી. હા, સાહેબ! ખૂબ સારો વેપાર થઈ જાય છે."

મેં કહ્યું, "સરસ. તારી આ વાત સાંભળીને મને ખૂબ આનંદ થયો. તારી મહેનતને હું બિરદાવું છુ."

તરત જ એ બોલ્યો, "ના, સાહેબ! મારી મહેનત નહિ, તમારી કૃપાથી આગળ વધ્યો છું. તમારા શબ્દોએ, તમારા શિક્ષણે મને આ બળ આપ્યું છે."

પછી તે ઊભો થયો અને પાંચેક જોડીનું સારું-સારું કાપડ લઈને મને આપવા લાગ્યો અને બોલ્યો, "ત્યારે હું કંઈ આપી શક્યો નહોતો, પણ આજે મારા તરફથી તમને આ ગુરુદક્ષિણા."

મેં કહ્યું, "ના, ભાઈ! એમ મારે ન લેવાય. વળી હું તો એક જ જોડીનું કાપડ લેવા આવ્યો છું. એ પણ આમ તો નહિ જ લઉં."

તેણે પોતાના સમ આપીને પણ એક જોડીનું કાપડ તો આપ્યું જ. ત્યારે મેં તેને કહ્યું, " પણ મારા માટે તો સૌથી મોટી ગુરુદક્ષિણા તેં મારું શિક્ષણ યાદ રાખ્યું એ છે. મારું હૃદય ખૂબ આનંદિત થયું છે."

★ ★ ★



# ઈ તમને ખબર ન પડે

એક વખત રસ્તામાં મારી ગાડી ખરાબ થઈ ગઈ. ચાલતાં-ચાલતાં અટકી ગઈ. ચાલુ કરવા ઘણી કોશિશ કરી, પણ સફળતા ન મળી. બધી બાબતમાં આપણું ન ચાલતું હોયને! એમ ગાડી પાસે પણ મારું કંઈ ન ચાલ્યું.

હવે જે ગાડી રોજ મને ખેંચી જતી, આજ એને ખેંચીને હું ચાલ્યો. આવી ટેવ ન હોય, એટલે થાક લાગવા માંડયો. થોડું ચાલ્યો, ત્યાં એક યુવાન મારી પાસે આવીને ઊભો રહી ગયો.

તે બોલ્યો, "શું થયું?"

મેં તેની સામે જોયું. પછી કહ્યું, "આ બંધ પડી ગઈ છે."

તે કહે, "ચાલો મારી સાથે. તમારી ગાડી ચાલુ થઈ જશે."

એમ કહીને મારી પાસેથી ગાડી લઈને તે દોરવા લાગ્યો. અજાણ્યો હતો, એટલે શંકા-કુશંકા થયા કરે. પણ એ સિવાય છૂટકો પણ નહોતો.

હું બોલ્યો, "ચોકને કરંટ મળતો નહિ હોય."

તે કહે, "ઈ તમને ખબર ન પડે."

મેં કહ્યું, "એન્જિનમાં કચરો આવી ગયો હશે."

તે કહે, "ઈ તમને ખબર ન પડે."

બે વખત આવું સાંભળીને મને ઝબકારો થયો. ત્યાં સુધીમાં એક ગેરેજ આવી ગયું. ત્યાં તરત ગાડી ખોલીને તે જોવા લાગ્યો. પણ મારાથી રહેવાયું નહિ. એટલે પૂછયું, "તારું નામ નવલ છે?"

તે હકારમાં ડોકું હલાવીને કામમાં પરોવાયેલો રહ્યો. મને બધું યાદ આવી ગયું. તેનું નામ નવલસિંહ મનુભા ઝાલા. આ નવલ નાનપણથી ભણવાને બદલે બીજા રસ્તે વધુ ધ્યાન આપતો. કયારેક હું કોઈ પત્રકોનું કામ

કરતો હોવ ત્યારે આવીને પૂછતો, “શું કરો છો?” એટલે હું એને જવાબ આપતો, “ઈ તને ખબર ન પડે.” નામ બદલી નાખ્યું છે, એટલે કહેવામાં વાંધો નથી, આ નવલનું મગજ એવું તો ચાલતું કે, શાળાની મહિલા શિક્ષકોની ગાડીની હવા કાઢી નાખે અને પછી એમ કહે કે, “ટીચર! તમારી ગાડીમાં પંચર છે. કરાવતો આવું!” એટલે ટીચર પંચરના રૂપિયા આપે અને નવલ માત્ર હવા ભરાવીને લાવે. એક દિવસ મેં કહ્યું હતું, “નવલ! હું જાણું છું, ભણવું તારા માટે અઘરું છે. પણ તું બરાબર વાંચતા-લખતા શીખી જા અને તારામાં ગાડીના રીપેરીંગ બાબતની આવડત ખૂબ સારી છે. એટલે મોટો થઈને ગેરેજ કરીશ તો ખૂબ સારું ચાલશે.” ત્યારે તો તેણે મારો હાથ પકડી લીધો અને કંઈ બોલ્યા વગર થોડીવાર ઊભો રહ્યો અને પછી જતો રહ્યો. હું હજી આવા વિચારમાં હતો, ત્યાં તો તેણે ગાડી ચાલુ કરી દીધી.

મેં કહ્યું, “વાહ, ભાઈ! તું તો બહુ મોટો કારીગર બની ગયો ને!”

તે કહે, “તેનું બીજ તમે વાવ્યું હતું.”

હું બોલ્યો, “તને મારી વાત યાદ હતી.”

તે બોલ્યો, “હા, બરાબર યાદ છે. તમારી વાતથી મને ઝનૂન આવી ગયું હતું. હાઈસ્કૂલમાં ભણવા તો ન ગયો, પણ ટ્યુશનમાં જઈને ગુજરાતી, અને અંગ્રેજી પણ, વાંચતાં-લખતાં શીખી લીધું. તમે શિક્ષણનું મહત્ત્વ સમજાવતા તે ધીમે-ધીમે મને સમજાયું. આજે ગમે તેવી ગાડી રીપેર કરી શકું છું. આઠ જગ્યાએ મારાં ગેરેજ છે. બધે કારીગરો રાખી દીધાં છે. મારે તો મારી જરૂર પડે ત્યાં જ જવાનું રહે. બાકી જલ્સા છે, રામોલિયાસાહેબ!” આટલું બોલીને તે મને પગે લાગ્યો અને બોલ્યો, “લ્યો, ત્યારે આ ગાડી રીપેરીંગ કરવાના ચાર્જરૂપે આશીર્વાદ આપો!”

મેં કહ્યું, “અરે, પાગલ! આશીર્વાદ કંઈ ચાર્જમાં ન અપાય! તારો ચાર્જ જે થતો હોય તે લઈ લેજે. શિક્ષકોના આશીર્વાદ તો સદાયે વિદ્યાર્થીઓ સાથે હોય જ, પછી તે હોશિયાર હોય, કે ઠોઠ!”

★ ★ ★




# સાહેબ! હું તો સુગંધને વેંચું છું

એક દિવસ એક દુકાને જવાનું થયું. એ દુકાનની બાજુમાં ફૂલોની એક દુકાન હતી. ત્યાં ફૂલ લેવાવાળાની સંખ્યા ઘણી હતી. હું પેલી દુકાનની બહાર ઊભો હતો. મેં ફૂલોની દુકાન તરફ નજર કરી. એ જ સમયે ફૂલ વેંચનાર યુવતીની નજર મારા ઉપર પડી. તેણે ફૂલ વેંચવાનું મૂક્યું બાજુમાં ને થઈ ગઈ ઊભી. આવી મારી પાસે. મને થયું, આ આમ કેમ કરે છે? પછી થયું કદાચ મને ઓળખતી હશે.

આવીને પગે લાગી. પછી બોલી, "રામોલિયાસર, મને ઓળખી?"

ફૂલ લેવા આવનારા સૌ અમારી તરફ જોઈ રહ્યા હતા. તેમાંથી કેટલાકને ઉતાવળ પણ હશે. એટલે મનમાં એવું પણ બોલ્યા હોય, 'આ વચ્ચે ક્યાંથી ટપક્યો?' પણ આ યુવતીને જાણે હવે ફૂલ વેંચવાની કોઈ ઉતાવળ જ નહોતી લાગતી. તે મારા સામે જોઈને ઊભી રહી ગઈ. મને પૂછાયેલ પ્રશ્નના જવાબમાં મેં મૂંડી હલાવીને 'ના' પાડી.

તે બોલવા લાગી, "યાદ કરો, યાદ કરો! હું ભણવાની ચોર. તમે મને ઘરાર-ઘરાર વાંચતાં શીખવ્યું. યાદ કરો, યાદ કરો! એક વખત તમે મને ધીમેથી ટાપલી મારી હતી... તોયે મોટેમોટેથી રોઈને નિશાળ ગજવી મૂકી હતી. યાદ કરો, યાદ કરો! એક દિવસ મેં તમારી ફાઈલ તોડી નાખી હતી. યાદ કરો, યાદ કરો! તોયે તમે મને માફ કરી દીધેલ. યાદ કરો, યાદ કરો! ધીમે-ધીમે સમજાવીને તમે મારી 'ભણવાની ચોર' લાયકાત ભગાડી દીધી. યાદ કરો, યાદ કરો!"

હવે મેં એને વચ્ચે જ અટકાવી અને બોલ્યો, "હવે બસ કર, નયના નરોત્તમભાઈ નાનાણી! એ બધું મૂક! આ ફૂલ ખરીદવાવાળા તારી વાટ જુવે છે! પણ તું ફૂલ ખૂબ સુગંધી વેંચે છે હો!"

હું આટલું બોલ્યો, ત્યાં તો તે ફરી ટપકી પડી, "સાહેબ, હું તો સુગંધને વેંચું છું, પણ તમે તો સુગંધ વેરી છે, વહેંચી છે. એ સુગંધ લઈલઈને ઘણા ડૉક્ટર બની ગયા છે, ઘણા ઈજનેર બની ગયા છે, ઘણા તમારી જેમ શિક્ષક બની ગયા છે અને તમે વેરેલી સુગંધને વધુ ફેલાવે છે. મારા જેવા પણ ઘણા હશે, જેણે તમે વેરેલી સુગંધથી, ક્યારેક ટકોરરૂપે કરેલ માર્ગદર્શનથી નોકરી કરીને નહિ, પણ વ્યવસાય કરીને પોતાની જિંદગીને સજાવી હશે. એક વાત કહું સાહેબ! મને તમે ભણતી તો કરી દીધી હતી, પણ છતાંયે પ્રાથમિક ભણી લીધા પછી મારા મનમાં તો તમે કહેલી હેલન કેલરની વાતો જ ગૂંજ્યા કરતી હતી. આંધળી, બહેરી, મૂગી હોવા છતાં તે સ્પર્શથી શીખી અને જગતમાં પ્રખ્યાત થઈને પોતાની સુગંધ પ્રસરાવી દીધી. મને સુગંધ ખૂબ ગમે સાહેબ! હું એ રીતે તો સુગંધ ફેલાવવા લાયક ન બની શકી, પણ આ ફૂલનો ધંધો કરીને સતત સુગંધ સાથે રહેવાનું નક્કી કર્યું. પહેલા નાનો ધંધો અને આજે અનેક જાતનાં ફૂલોનો અમારો પોતાનો વિશાળ બગીચો બનાવી લીધો છે અને એકદમ ઠાઠથી જીવી શકીએ એવી કમાણી કરી લઈએ છીએ. કદાચ તમારા પગારથી વધુ આવક હશે, પણ તમને તો ન જ પહોંચી શકીએ. તમારી પાસે વિદ્યારૂપી ધન છે, જે અનેકને આપો છો, છતાંયે ખૂટશે જ નહિ. હું જે સુગંધ વેંચું છું, એ તો એક દિવસ રહેશે, કાલે તો એ ક્યાંક કચરાના ઢગલામાં પડી હશે. પણ સાહેબ! તમે વહેંચેલી, વેરેલી સુગંધ તો અનેક ગણી થઈને ફેલાતી રહેશે. હું પણ એમાંની એક છું. તમે વિદ્યાર્થીઓને આગળ વધવા માટેની જે બોધપ્રદ વાતો કહેતા, તે કોઈને ત્યારે જ સમજાઈ ગઈ હશે, તો મારા જેવા ઘણાને પછી સમજાણી હશે. પણ એનો ફાયદો તો થયો જ છે."

હવે મારે એને અટકાવવી પડી. ફૂલ ખરીદવાવાળા પણ ઉતાવળ કરવાને બદલે તેની વાતો અહોભાવથી સાંભળવા લાગ્યા હતા. મેં કહ્યું, "નયના! તું તો ખરેખર હોશિયાર થઈ ગઈ છો! તું જેમાં મને નિમિત્ત માનશ, એમાં સમજણ અને મહેનત તો તારી છે. શિક્ષકની વાતને જે વિદ્યાર્થી સમજી શકે, એ શિક્ષકને તો માનના હકદાર બનાવે જ છે, પણ પોતાની જિંદગીને ખૂબ સુગંધી બનાવી શકે છે અને એ સુગંધથી સમાજમાં પોતાનું આકર્ષણ ફેલાવી શકે છે. તારી આ વાતો સાભંળીને મને ખૂબ જ આનંદ થયો છે. હું ગૌરવની લાગણી અનુભવું છું."

★ ★ ★



# ખાલી પાસ નથી થવાનું!

એક દિવસ વર્ગમાં હું ભણાવતો હતો. એ સમયે આ શાળાનો એક ભૂતપૂર્વ વિદ્યાર્થી આવ્યો. એને ઓળખતા વધારે વાર ન લાગી. કારણ કે, એ અહીં ભણતો ત્યારે સૌથી વધુ બોલકો હતો. ભણવા સિવાયના પણ અનેક પ્રશ્નો પૂછ્યા કરતો. ભણવામાં સાવ ઠોઠ તો ન કહી શકાય, પણ એકદમ હોશિયાર પણ નહિ. નાની ઉંમરે પણ એ વેપાર કરી લેતો. સાબુ જેવી નાની-નાની ચીજો શાળાના કર્મચારીઓને પણ વેંચતો. શાળાના કર્મચારીઓ 'આ રીતે પણ થોડી મદદ થઈ શકશે'ની ભાવનાથી તેની પાસેથી ખરીદી પણ કરતાં. મારી સાથે થોડી વાતો કરી, થોડા પ્રશ્નો પૂછ્યા અને તે ગયો.

સમય વીત્યો. થોડાં વર્ષો વીત્યાં. આ ગાળામાં અનેક વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને અહીંથી જતાં રહ્યા હશે. શિક્ષક માટે તો દર વર્ષે નવા-નવા ચહેરા બદલતા રહે છે.

એક દિવસ યુવાનીના ઉંબરે પહોંચી ગયેલો યુવક મારી પાસે આવે છે. આવીને પગે લાગ્યો.

પછી બોલ્યો, "રામોલિયાસાહેબ! હું યાદ તો છું ને?"

જેવું-તેવું યાદ તો આવી ગયું, છતાં હું બોલ્યો, "ભુલાય ગયું હોય એવું લાગે છે."

તે કહે, "અરે! હું કમલેશ લક્ષ્મણભાઈ બચાણી."

હું બોલ્યો, "હા, ભાઈ હા! યાદ આવી ગયું. બોલ, બોલ! શું ચાલે છે?"

તે કહે, "તમારાં પુસ્તકો મારે વાંચવાં છે."

મને આનંદ થયો. મેં કહ્યું, "હા, લઈ જાજેને!"

પછી તે કહે, "મારે સી.એસ.ની પરીક્ષા આપવી છે."

સાંભળીને મનમાં હસવું આવ્યું. થયું આ પાસ થઈ શકશે? પણ એ ભાવ દેખાવા ન દીધો. હું બોલ્યો, "સરસ! પણ જોજે હો, ખાલી પાસ જ નથી થવાનું."

તે બોલ્યો, "હા, સર! આશીર્વાદ આપો!"

અને તે ગયો. દોઢ વર્ષ જેવો સમય વીત્યો. ફેબ્રુઆરી, ૨૦૧૮ ચાલી રહ્યો હતો. એક દિવસ તે શાળાએ આવ્યો હશે. હું શાળાએ નહોતો. બીજા દિવસે હું શાળાએ ગયો. મારા સહકર્મચારીએ કહ્યું કે, "કમલેશ આવ્યો હતો. તે તમને મળવા માગે છે. તેના વિશે આજના છાપામાં પણ છે. વાંચી લેજો." એ સરનામું આપતો ગયો હતો.

મેં છાપું વાંચ્યું. સી.એસ.નું પરિણામ હતું. સમગ્ર ભારતમાં આ કમલેશ પંદરમા ક્રમે અને ગુજરાતમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયો હતો. મનને ખૂબ આનંદ થયો. તેણે આપેલ સરનામે હું સામેથી મળવા ગયો. જઈને અભિનંદન આપ્યા અને કહ્યું, "વાહ! તેં તો કરી દેખાડયું!"

તે કહે, "તમે તો કહ્યું હતું, ખાલી પાસ નથી થવાનું! બસ તમારા એ શબ્દો મનમાં બરાબરના ચોટી ગયા અને મંડાઈ પડયો મહેનત કરવા. જેનું આ પરિણામ છે. તમારા પુસ્તક 'મા! મારે ઊડવું છે'માં પણ તમે આગળ વધવાની જ ઉત્સાહપ્રેરક વાત લખી છે. એ મેં વાંચ્યું અને મને પણ ઊડવાનું મન થયું. તે દિવસ સુધી મને કોઈએ એવા શબ્દો નહોતા કહ્યા, જે તમે કહ્યા."

મેં કહ્યું, "બસ, ભાઈ બસ! અમે તો દરેક વિદ્યાર્થીને પ્રોત્સાહન આપતા જ હોઈએ. પણ એ શબ્દોને જે પકડી શકે, તે જરૂર આગળ વધી જાય છે. તેં મારા શબ્દોને પકડયા અને આ સિદ્ધિ મેળવી, એનો મને ખૂબ આનંદ છે. મારા માટે આ ગૌરવની વાત છે. ફરીને તને ખૂબ ખૂબ અભિનંદન!"

★ ★ ★

15



# ચિત્રનગરીની સફરે

એક દિવસ છાપું વાંચતો હતો. અચાનક ધ્યાન એક એવા સમાચાર તરફ ખેંચાયું, જે વાંચીને આનંદ થયો. સમાચાર હતા, 'શહેરના ટાઉનહોલમાં ચિત્રનગરીનું આયોજન. એક નવલોહિયા ચિત્રકારનાં ચિત્રોનું પ્રદર્શન. જે ચિત્રોના દીવાના બન્યા છે શહેરના લોકો. એ ચિત્રકારનું નામ છે : રતિ રાઠોડ.'

મને પણ મન થયું. હું પણ ગયો ટાઉનહોલમાં. એક પછી એક ચિત્રોનું નિરીક્ષણ કરતો જતો હતો. મનમાં થતું હતું, ચિત્ર દોરવાની આ હથોટી તો હું જાણતો હોઉં એમ કેમ લાગે છે! વળી થયું, હશે! ભ્રમ થયા કરે! આમ વિચારીને આગળ વધતો હતો. એક તરફ યુવક-યુવતીઓનું ટોળું એક યુવાનને ઘેરીને ઓટોગ્રાફ-ઓટોગ્રાફનો શોર કરતું હતું. પણ મને તો ચિત્રો જોવામાં જ રસ હતો. એટલે હું તો તે જોવામાં મશગૂલ હતો. ત્યાં તો મારા પગમાં આંચકો લાગ્યો. મેં જરા ગભરાટમાં પગ તરફ જોયું. તો આ શું? તે યુવાન મારા પગ પકડીને બેસી ગયો હતો. ત્યાં રહેલ બધા તેને જોઈને ઊભા રહી ગયા હતા. મેં તે યુવાનને ઊભો કર્યો.

મેં કહ્યું, "આ શું, ભાઈ?"

તે કહે, "તમે તો છો મારી આ દુનિયાના સર્જક."

મેં પૂછયું, "હું તો તને ઓળખતો પણ નથી. તો તું આવું કેમ કહે છે?"

તે બોલ્યો, "તમે મને સારી રીતે ઓળખો છો. મારું નામ પણ તમારા કોઈ સર્જનમાં છે."

મેં કહ્યું, "મને ઉખાણાં બહુ ઓછાં ફાવે છે. એટલે એ રહેવા દે!"

તેણે જવાબ આપ્યો, "અરે, રામોલિયાસાહેબ! હું તમારી પાસે ભણતો હતો તે - રતિયો રાજાભાઈ રાઠોડ."

આ સાંભળીને મને તરત ઝબકારો થયો. મારાં ૨૮ પુસ્તકોમાંથી ત્રીજા નંબરનું પુસ્તક – મારો હઝલસંગ્રહ – 'મારી બલા'. મારે તેમાં કાર્ટુનચિત્રો મૂકવા હતાં. ત્યારે આ રતિયો સાતમા ધોરણના મારા વર્ગમાં હતો. એકદમ ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારમાંથી આવે. દુઃખની વાત એ હતી, કે તેને વાંચવા-લખવા સાથે વેર હતું. પણ ચિત્રો સરસ દોરતો. મેં તેને કાર્ટુન દોરવાની વાત કરી. તે બોલ્યો હતો, "મને કાર્ટુન દોરતા ન આવડે." મેં કહ્યું, "હું તને રસ્તો દેખાડતો જઈશ." અને આ રીતે કાર્ટુન દોરવાનું શરૂ થયું. શરૂઆતમાં કોઈ નમૂના દેખાડતો અને એ રીતે દોરાવતો. પછી તો હું વર્ણન કરી દઉં ને એ દોરી નાખે. એક દિવસ એ બોલ્યો હતો, "સર! તમે તો મને કાર્ટુન દોરતા શીખવી દીધું!" આમ, મારા એ પુસ્તકની દરેક હઝલ સાથે મૂકેલ કાર્ટુન આ રતિયાએ જ દોરેલ. મેં તેને થોડી રકમ આપી તો તે રાજી-રાજી થઈ ગયો. તે સમયે મેં તેને કહ્યું હતું, "તારામાં ચિત્રકામની આવડત ખૂબ છે. વાંચતાં-લખતાં શીખી જા અને ભણવામાં ધ્યાન દે! પછી આગળ ભણીને ચિત્રશિક્ષક બની જાજે. તું તારી ગરીબાઈમાંથી બહાર નીકળી શકીશ." સમય ઉપર જાણે ઘણાં ઝાળાં બાઝી ગયાં હતાં. નાના બાળકમાંથી તે યુવાન બની ગયો હતો અને રતિયોમાંથી રતિ બની ગયો હતો. એટલે ઓળખવામાં તકલીફ થઈ હતી.

મેં પૂછ્યું, "કેટલું ભણ્યો? ક્યાં નોકરી કરશ?"

તે બોલ્યો, "સાહેબ, ભણવા સાથેનું વેર તો ગયું નહિ. પણ તમારા પ્રોત્સાહનના શબ્દોએ મને મારી ગરીબીમાંથી બહાર નીકળવાનો રસ્તો દેખાડી દીધો. ચિત્રકામમાં ધ્યાન આપવા લાગ્યો અને તેમાં આગળ વધી ગયો. ખૂબ પ્રસિદ્ધિ મળી." પછી ધીમેથી મારા કાન પાસે બોલ્યો, "સર! મારા ચિત્રોના દીવાના અને ઓટોગ્રાફ લેવા પડાપડી કરતાં આ લોકોને એ ખબર નથી કે, મને પૂરું વાંચતાંય આવડતું નથી."

પછી મેં કહ્યું, "એ બધું મૂક! પણ તારી કળાને તેં ખૂબ ઉજાગર કરી છે. હું તો ખૂબ હરખાઈ ગયો છું. શાબાશ, દીકરા શાબાશ!"

★ ★ ★





# આજા મેરી ગાડી મેં બૈઠ જા

કયારે કેવા સંજોગો ઊભા થતાં હોય તેનું કંઈ નક્કી નથી હોતું. કયારેક અકસ્માતે એવા કોઈનો ભેટો થઈ જાય, જે આપણે વિચાર્યું પણ ન હોય. આવો બનાવ દરેકના જીવનમાં બનતો જ હોય છે. કોઈના માટે આનંદનો બનાવ બને, તો કોઈના માટે કષ્ટદાયક પણ નીવડે. મારા માટે તો મને આશ્ચર્યમાં મૂકી દેનારો બનાવ બન્યો.

એક દિવસ બહારગામથી બસમાં આવ્યો. રસ્તાની બાજુમાં ઊભા રહીને રીક્ષાની વાટ જોતો હતો. જે રીક્ષા આવતી હતી તેમાં જગ્યા નહોતી. એટલે થોડીવાર ત્યાં વધુ વાટ જોવી પડી. થોડીવાર થઈ ત્યાં એક મોંઘીદાટ ગાડી મારા બાજુમાં ઊભી રહી. હું ત્યાંથી થોડો ખસી ગયો. એટલે તે ગાડી પણ પાછળ ખસી. તેનો કાચ ખૂલ્યો.

ગાડીને ચલાવનાર બોલ્યો, "કયાં જવું છે, સાહેબ? ચાલો મૂકી જાવ."

મેં કહ્યું, "ના, ભાઈ! રીક્ષામાં ચાલ્યો જઈશ. આનું ભાડું મોંઘું પડે!"

તે કહે, "તમારે ભાડું નથી દેવાનું."

હું બોલ્યો, "કેમ?"

તે બોલ્યો, "આ ગાડી તમારી જ છે એટલે."

મેં કહ્યું, "ભાઈ! મારી પાસે તૂટયું-ફૂટયું એકટીવા છે. આવી ગાડી તો સપનામાંયે નથી આવી."

તે બોલ્યો, "અરે, રામોલિયાસાહેબ! હું તમારી પાસે ભણતો. મારું નામ ધવલ મનુભાઈ પરમાર છે. બેસી જાવ, પછી બીજી વાત!"

હું ગાડીમાં બેસી ગયો. મને જાણે ફિલ્મ દેખાવા લાગ્યું. આ ધવલ મારા વર્ગમાં ભણતો. ભણવામાં રસ ઓછો, પણ રમકડાંની મોટરગાડીઓ







રાખવાનો શોખીન. તેના દફતરમાં જાત-જાતની ગાડીઓ હોય. એક દિવસ તેનો જન્મદિવસ હતો. સવારમાં હું વર્ગમાં ગયો કે તરત મને પગે લાગવા આવ્યો. મેં તેને કહ્યું, "તને ગાડીઓનો શોખ છે. મોટો થઈને તું અનેક ગાડીઓનો માલિક બન. પણ અત્યારે ભણવામાં ધ્યાન આપ. વાંચતાં-લખતાં આવડતું હશે તો પણ ઘણો ફાયદો થશે!" ખબર નહિ, પણ મારી આ વાત તેના મન ઉપર અસર કરી ગઈ. હવે તેનું ધ્યાન પેલી ગાડીઓથી રમવાને બદલે વાંચવામાં લગાડી દીધું. ઘરે ગયા પછી પણ કંઈ ખબર ન પડે તો મારા ઘરે આવીને પૂછી જતો. તેને લીધે તેને ઘણું આવડી ગયું. પણ તેણે હવે ફિલ્મ તોડયું.

તે કહે, "સાહેબ! તમારા આશીર્વાદ સાચા પડયા છે."

હું બોલ્યો, "કેમ ભાઈ! એવું બોલે છે?"

તેણે કહ્યું, "તમે તો મારા જન્મદિવસે આશીર્વાદ આપ્યા હતા, અનેક ગાડીઓનો માલિક બન! અત્યારે મારી પાસે આ એક જ ગાડી નથી! સાત બસ છે અને બાર ઈકો ગાડી છે. ટ્રાવેલ્સનો ધંધો ખૂબ સારો ચાલે છે. કામ માટે બધે માણસો લગાડી દીધા છે. હું તો બસ આંટા-ફેરા કરું!"

મેં કહ્યું, "સરસ, સરસ! તારી આટલી પ્રગતિની વાત જાણીને મને ખૂબ આનંદ થયો છે. પણ તું ભણવામાં ધ્યાન આપવા લાગ્યો હતો. તે કયાં સુધી પહોંચ્યું હતું?"


તે કહેવા લાગ્યો, "ભણવામાં પણ ખૂબ મહેનત કરી. મેં પણ તમારી જેમ શિક્ષકની લાયકાત મેળવી લીધી છે. પછી વિચાર્યું, શિક્ષક થવાથી મારું સપનું અને તમારા આશીર્વાદ સાચા નહિ પડે. એટલે પહેલા એક ગાડી લીધી. ધીમે-ધીમે કમાણી વધારતો ગયો અને આજે આટલે સુધી પહોંચી ગયો છું."

મારાથી બોલાય ગયું, "વાહ, ધવલ વાહ! શિક્ષકના આશીર્વાદની અસર આટલી બધી થતી હોય છે, એ તો આજે તારા પાસેથી જાણવા મળ્યું. જો દરેક વિદ્યાર્થી ઉપર અમારા આશીર્વાદની આવી અસર થઈ જાય, તો મા સરસ્વતીને આપણે જે પ્રાર્થના કરીએ છીએ કે, 'અજ્ઞાનનું અંધારું દૂર કરીને જ્ઞાનનું અજવાળું પાથર' એ ખરેખર સાચી પડી જાય. હજી પણ તારી પ્રગતિ થાય અને અન્યને પણ આગળ લાવ! બસ એ જ આશીર્વાદ."

★ ★ ★







# આંગળા ચાંટતાં રહી જશો

એક સંબંધીનું નોતરું આવ્યું. તેને ત્યાં જમવા જવાનું હતું. નાનકડો એવો પ્રસંગ રાખેલો હતો. સંબંધના નાતે જમવા ગયો. જમવાને હજી થોડી વાર હતી. મને થયું, લે ને રસોડા તરફ આંટો મારી લઉં. રસોઈ કેવી બને છે એ તો ખબર પડે.

આમ વિચારી હું તો રસોડા તરફ ગયો. જઈને થોડું મોટપણ દેખાડવા લાગ્યો.

હું બોલ્યો, "રસોઈ બરાબર બનાવજો. કોઈ ફરિયાદ ન આવવી જોઈએ."

મારો અવાજ સાંભળીને એક યુવાને મારા સામે જોયું. થોડું વિચિત્ર રીતે જોયું. મને લાગ્યું, કયાંક આને ખોટું લાગી ગયું હશે ને અપમાન કરી બેસશે તો! પણ મારે વધું અસમંજમાં ન રહેવું પડયું.

તે બોલ્યો, "રામોલિયાસાહેબ! આંગળા ચાટતાં રહી જશો."

હું બોલ્યો, "લે, ભાઈ! તું તો મને ઓળખનારો નીકળ્યો!"

તે કહે, "ઓળખું તો ખરોને!"

મેં પૂછયું, "કઈ રીતે?"

તેણે જવાબ આપ્યો, "જે વાલીની ફરિયાદની પરવા કર્યા વગર, મારીને પણ મગજમાં ઉતારવા પ્રયત્ન કરતા હોય, એને કેમ ભૂલાય!"

મેં કહ્યું, "મારા વિશે આટલી સરસ જાણકારી રાખનારનું નામ શું?"

તે કહે, "હિતેશ કલ્યાણજીભાઈ કાલાવડિયા."

હું બોલ્યો, "હા, ભાઈ! હવે યાદ આવી ગયું. પણ તું રસોયો?"

તે કહે, "તમે જ તો કહ્યું હતું રસોયો બનવાનું!"

હવે મને યાદ આવ્યું. આ હિતેશ મારી પાસે ભણતો હતો. ભણવામાં થોડો નબળો. એક વખત શાળાના બાળકોને જમાડવાના હતા. રસોઈ શાળામાં જ બની રહી હતી. હિતેશ પેશાબની રજા લઈને બહાર નીકળ્યો હતો. પછી તે રસોઈ બનતી હતી ત્યાં ઊભો રહી ગયો હતો. થોડી વાર લાગી એટલે હું જોવા નીકળ્યો. તેને ત્યાં ઊભેલો જોઈને હું બોલ્યો, "અહીં શું ઊભો છો? રસોયો બનવું છે?" તે બોલ્યો હતો, "રસોઈની મીઠી-મીઠી સુગંધ લઈને એવું થાય છે કે રસોયા બનીએ તો રોજ આવી સુગંધ મળે." મેં ત્યારે કહેલ, "હા, ભલે! પણ અત્યારે વર્ગમાં આવીને ભણવામાં ધ્યાન દે! વાંચતાં નહિ આવડે તો દાળનો મસાલો ક્યાંક ભજિયાંમાં નખાય જશે."

પછી તો જાણે ચમત્કાર થયો. તે ભણવામાં વધારે ધ્યાન દેવા લાગ્યો. એક દિવસ આ પરિવર્તન બાબત મેં પૂછ્યું પણ ખરું. તો તે એટલું જ બોલ્યો, "મારે દાળનો મસાલો ભજિયાંમાં નથી નાખવો." મને પણ આ વાતનો આનંદ થયો.

આજે ફરી મેં પૂછ્યું, "દાળનો મસાલો દાળમાં જ નાખશને?"

તે કહે, "સાહેબ! મને ગુજરાતી, હિંદી, અંગ્રેજી બરાબર વાંચતાં આવડે છે. પહેલા ભણ્યો, પછી આ ધંધો હાથમાં લીધો છે. સરકારી નોકરી મળી જાય એટલી લાયકાત છે. પણ મારે તો આ જ કામ કરવું હતું."

મેં કહ્યું, "રસોઈની સુગંધ તો સરસ આવે છે."

તે કહે, "સુગંધની જેમ રસોઈ પણ સરસ છે. મારી રસોઈ વખણાય છે. પ્રસંગોની મોસમમાં હું પહોંચી ન શકું એટલાં કામ મળે છે. પણ હું લોભમાં આવીને દોડાદોડી નથી કરતો. મારાથી થાય, એટલું જ કામ રાખું છું."

મેં કહ્યું, "શાબાશ! ઘણા તો એવું વિચારતા હોય છે કે, આપણે ક્યાં નોકરી કરવી છે! એટલે ભણવામાં ધ્યાન આપતા નથી. તારે તો નક્કી હતું કે નોકરી નથી કરવી, છતાં ભણ્યો. આ વાત સાંભળીને મને ખૂબ આનંદ થયો. રસોઈમાં જેમ સ્વાદ ભરશ, તેમ કોઈના માર્ગદર્શક બનીને એની જિંદગીને સ્વાદિષ્ટ બનાવજે."

★ ★ ★



# પણ ત્યારે મને નહોતું સમજાયું

હું માંદો પડયો. ડેન્ગ્યૂ અને ટાઈફોઈડ થઈ ગયેલ. એક ખાનગી દવાખાનામાં સારવાર કરાવવા જતો. ત્યાં મને બાટલા ચડાવવામાં આવતા. થોડા દિવસ આવું ચાલ્યું. રોજ દવાખાને બાટલા ચડાવવામાં આવતા.

એક દિવસની વાત છે. મને બાટલા ચડાવવાનું ચાલુ હતું. હું આંખો બંધ કરીને સૂતો હતો. માત્ર સૂતો હતો, ઊંઘતો નહોતો. થોડીવાર થઈ ત્યાં મારા પગે કંઈક સળવળ્યું હોય એવું લાગ્યું. મને તો એમ કે બિમારીને લીધે તંદ્રાવસ્થામાં આવું લાગતું હશે. એટલે થોડીવાર તો આંખો બંધ જ રાખી. પણ ધીમે-ધીમે એવું લાગ્યું કે મારા પગ કોઈ દબાવી રહ્યું છે. મેં આંખો ખોલી. તો એક 'બ્રધર' મારા પગ દબાવતો હતો. મને તો આશ્ચર્ય થયું. કદાચ દવાખાનામાં આવું દશ્ય પહેલીવાર જોઈ રહ્યો હતો. કારણ કે, કોઈ દવાખાનાનો કર્મચારી દર્દીના પગ દબાવતો હોય એવું આ પહેલા કયાંય જોયું નહોતું.

મેં કહ્યું, "ભાઈ, આ શું?"

તે કહે, "કેમ રામોલિયાસાહેબ? ગુરુના પગ શિષ્ય ન દબાવી શકે?"

મેં પ્રશ્નાર્થભાવે પૂછયું, "ગુરુ? શિષ્ય?"

તે કહે, "હા, હું તમારો શિષ્ય. થોડો અળખામણો હોઈ શકું. તમારી વાત મેં માની નહોતીને! મારું નામ : મનોજ મનહરલાલ મુરારી."

હું બોલ્યો, "એક શિક્ષકને કોઈ પ્રત્યે અળખામણા જેવું હોતું નથી. તો અહીં કેમ એવી વાત આવી?"

તેણે શરૂઆત કરી, "હું તમારી પાસે ભણતો. પણ શાળાએ આવવું મને ગમતું નહિ. એટલે કયારેક આવતો, ને કયારેક ન આવતો. પણ જ્યારે આવતો, ત્યારે જે ભણાવ્યું હોય એ મને યાદ રહી જતું. મારી આ બાબત તમારા ધ્યાનમાં

આવી ગઈ."

તેને અટકાવીને હું બોલ્યો, "અને એક દિવસ તને બોલાવીને મેં કહ્યું હતું, ભાઈ મનોજ! તારી યાદશક્તિ તો સારી છે. રોજ શાળાએ આવ અને ભણવામાં ધ્યાન આપ. તારું ભવિષ્ય ઊજળું દેખાય છે. તું મહેનત કર તો ડૉક્ટર બની શકીશ."

તે કહે, "હા, સાહેબ! પણ ત્યારે મને નહોતું સમજાયું. એટલે હું બેદરકાર જ રહ્યો. શાળાએ આવવાની અનિયમિતતા દૂર ન થઈ. માધ્યમિક શાળામાં ગયો ત્યારે પણ એવું જ હતું. પરંતુ ધોરણ બારનું પરિણામ આવ્યું ત્યારે મને તમારી યાદ આવી ગઈ. પરિણામ ખૂબ સારું તો નહિ, પણ સારું તો આવ્યું જ. ડૉક્ટર બનવા જઈ શકું એટલું સારું નહોતું. પણ મારા મનમાં ઝબકારો થયો, ડૉક્ટર નહિ, તો ડૉક્ટરના સહાયક બની જવું. જેથી તમારી અડધી વાત તો સાચી પડે! એટલે જ મેં બ્રધર બનવાનું નક્કી કર્યું અને બની પણ ગયો. મન દઈને અહીં આવેલ દર્દીઓનું ધ્યાન રાખું છું. કામથી દૂર ભાગવાનું ક્યારેય મન નથી થતું. એટલે અન્ય ડૉક્ટરોને અપાય છે, તેટલો જ પગાર મને પણ આપે છે. તમે પ્રાર્થનાસભામાં કહેલી અનેક વાતો મને યાદ આવે છે. વાર્તા કહીને પણ તમે સાચો રસ્તો દેખાડતા. અને એ રસ્તે ચાલીને અનેક આગળ વધી ગયેલ છે. કદાચ તમે એ જાણતા પણ નહિ હો!"

હવે હું બોલ્યો, "ખરેખર, મનોજ! આજે તારી વાત સાંભળીને મારી અડધી બિમારી તો અત્યારે જ દૂર થઈ ગઈ. તારી જેમ ઘણા વિદ્યાર્થીઓ ક્યાંક ને ક્યાંક મળી જતા હોય છે. ભણવામાં નબળા હોય એવા ઘણા વિદ્યાર્થીઓ આજે સમાજમાં સારું એવું સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે. તે તેઓની મહેનતનું પરિણામ છે. તને પણ મોડું-મોડું તો મોડું-મોડું, સમજાયું તો ખરું! મને ખૂબ આનંદ થયો છે. મારા પગ દબાવવાની જરૂર નથી. તું તારી ફરજમાં ધ્યાન આપ. ક્યારેક સમય મળે, તો મળવા આવજે. પેટ ભરીને વાતો કરી લેશું. જિંદગીમાં સુખી રહે અને બીજાને સુખી કર. મારી આ ઈચ્છાને યાદ રાખજે અને આનંદમાં સમય વિતાવજે."

★ ★ ★



# નવા વર્ષે તારું કરી નાખું

નવા વર્ષનો પહેલો દિવસ. સવારના સમયમાં બહાર જવાની તૈયારી ચાલતી હતી. તેવા સમયે કોઈનો મધુર સ્વર સંભળાયો. મને થોડું કુતૂહલ થયું. હું ઘરના દરવાજે ઊભો રહ્યો. શેરીમાં જોયું. ત્યાં એક ઘર પાસે કોઈ યુવાન સાધુ ઊભો હતો. તે ઘરના માજી તેને કંઈક આપી રહ્યાં હતાં. ઓચિંતા તે સાધુની નજર માજીના હાથ ઉપર પડી.

તે બોલવાનું શરૂ કરે છે, "માડી! તારા હાથની રેખાઓ તો બળવાન છે. શનિની વક્રદષ્ટિ દૂર થઈ ગઈ છે. ગુરુ બળવાન બન્યો છે. હવેનું તારું ભવિષ્ય સુખસાહ્યબીમાં વિતવાનું છે. તારી ઉંમર ખૂબ લાંબી છે. આજે નવા વર્ષની શરૂઆત થાય છે. ત્યારે તારા બધા ગ્રહો બળવાન બને છે. (હવે તે થોડું ન સમજાય એવી રીતે બોલ્યો) એટલે આજે તારું કરી નાખું. તું સદા સુખી રહીશ."

એ સાંભળીને મને ઝબકારો થયો. એટલે મેં નીરખીને તે તરફ જોયું. તે સાધુ માજીએ પહેરેલી સોનાની વીંટી સેરવતો હતો. માજીનું ધ્યાન તો સાધુના મુખ ઉપર જ હતું, પણ સાધુનું ધ્યાન માજીની વીંટી ઉપર હતું.

ફરી મને બીજો ઝબકારો થયો. થયું કે આને તો હું ઓળખું છું. અરે, આનું નામ તો મનોજ પરબતભાઈ સયાણી. તે કોઈ બાવા કે બ્રાહ્મણ જ્ઞાતિનો નહોતો. બીજાને છેતરવા સાધુ બન્યો હોય એવું લાગ્યું. તે મારી પાસે ભણતો. ત્યારે પણ તે ચોરીમાં પાવરધો. મંદિરમાં જાય તો પણ પૈસા લઈને આવે. કોઈ હાથ મિલાવે તો સામેવાળાનું કાંઈક તો જાય જ. મને જ્યારે આ બાબતની ખબર પડી ત્યારે મેં એને ખૂબ સમજાવ્યો હતો. ત્યારે તેણે 'હવે ચોરી નહિ કરું' એવું કબૂલ્યું પણ હતું. તે પછી થોડા દિવસ શાળાએ આવ્યો હતો અને પછી શાળાએ આવતો બંધ થઈ ગયો હતો.

મેં બૂમ પાડી, "મનોજ!"

તેણે મારા સામે જોયું. તે પણ મને ઓળખી ગયો હોય એવું લાગ્યું. તે ત્યાંથી ચાલતો થઈ ગયો.

મેં ફરી કહ્યું, "મનોજ! ભાગવાની કોશિશ ન કરતો. ભાગ્યો તો પોલીસને ફોન કરું છું."

તે પાછો વળ્યો. મારી પાસે આવીને બોલ્યો, "રામોલિયાસાહેબ! હજી મને નથી ભૂલ્યા?"

મેં કહ્યું, "પહેલા માજીને તેમની વીંટી આપી દે!"

આ સાંભળીને માજીએ હાથમાં જોયું તો વીંટી ન હતી. વીંટી પાછી મળવાથી તેઓ ખૂબ રાજી થયાં. હવે તો પડોશીઓ પણ લૂંટારા સાધુને મારવા આવી પહોંચ્યા હતા. પણ મેં તેમને રોકયા. મનોજને મારા બાજુમાં બેસાડયો.

તે બોલ્યો, "સાહેબ! અહીં પણ મને ભણાવવા બેસશો?"

મેં કહ્યું, "હા, મારે તને ભણાવવો છે. ત્યારે જે બાકી રહી ગયું હતું ને? તે પૂરું કરવું છે. જેમ હું તને ન ભૂલ્યો, તેમ તું પણ ચોરી કરવાનું ન ભૂલ્યોને? તું શા માટે ચોરી કરે છે? લોકોએ મહેનત કરીને, થોડું બચાવીને, માંડ કોઈ ચીજ લીધી હોય. તે તારા જેવા ચોર ચોરી જાય, તો તેને કેટલું દુ:ખ લાગતું હશે? આવો વિચાર તેં કયારેય કર્યો? ચોરી કરવાનું બંધ કરીને મહેનતનો રોટલો ખા મારા ભાઈ!"

તે કહે, "પણ મને કોઈ કામે રાખતું નથી."

હું બોલ્યો, "મારા કોઈ ઓળખીતાને ત્યાં હું કામ અપાવી દઉં તો?"

આ સાંભળી તે ઊભો થયો. સાધુનાં વસ્ત્રો ઉતારવા લાગ્યો, તો નીચેથી પેન્ટ ને ટીશર્ટ દેખાયાં. પછી મને પગે લાગ્યો. તેની આંખોનાં આંસુ મારા પગ પર પડયાં.

થોડીવાર પછી તે બોલ્યો, "સાહેબ! તે દિવસે મેં 'ચોરી નહિ કરું' એવી ખોટી કબૂલાત કરી હતી, પણ આજે તમારા – કે જે મારા જેવા અનેકના ગુરુ બનીને અનેકના રાહબર બન્યા છો – સમ ખાઈને પ્રતિજ્ઞા કરું છું કે, કયારેય ચોરી નહિ કરું. મહેનત-મજૂરી કરીને કમાઈશ. કંઈ નહિ મળે તો ભૂખ્યો સૂઈ જઈશ, પણ ચોરી તો નહિ જ કરું." અને તે ફરી મારા પગ પકડીને રડવા લાગ્યો.

મને થયું, આજે મેં આપેલું શિક્ષણ સાર્થક થયું.

★ ★ ★



# એ જ હતું એક લક્ષ્ય

એક વખત શહેરના ટાઉનહોલમાં સંગીતનો કાર્યક્રમ હતો. ગાવું-વગાડવું આપણું કામ નહિ, પણ કોઈ સારું ગાતું હોય તો સાંભળવું તો જરૂર ગમે. હું પણ ગયો એ કાર્યક્રમ જોવા-સાંભળવા. ટાઉનહોલમાં મેદની હકડેઠઠ હતી. ઘણું જોયું, પણ બેસવાની ક્યાંય જગ્યા ન મળે. હું આમતેમ જોતો હતો, ત્યાં કાર્યક્રમના આયોજકની નજર મને જોઈ ગઈ. મને એ ઓળખે. એટલે આગળની હરોળમાં જ્યાં ખાસ જગ્યા રાખેલી હતી ત્યાં મને બેસાડી દીધો.

કાર્યક્રમ શરૂ થયો. સરસ-સરસ ગીતો ગવાતાં હતાં. ખૂબ મજા આવતી હતી. સાત-આઠ ગીત પછી જાહેર થયું કે, "હવે પછીનું ગીત રજૂ કરવા આવે છે તમારા જ શહેરની અને કાર્યક્રમમાં રંગત લાવી દેનારી ગાયિકા સપના રાઠોડ." મનમાં થયું, 'યહ નામ કુછ સુના સુના-સા લગતા હૈ.' વળી થયું, જે હોય તે, આપણે તો ગીતોની મોજ લેવાની છે.

સપનાએ ગાવાનું શરૂ કર્યું. સરસ અવાજ હતો અને સરસ ગાતી હતી. ગાવાની સાથે લટકાં- ઝટકાં પણ કરી લેતી હતી. સૌ જાણે તેને સાંભળવામાં મશગૂલ બની ગયા હતા. હું પણ એક ધ્યાનથી સાંભળતો હતો. તેવામાં તેની નજર મારા ઉપર પડી. ગીતની વચ્ચે સંગીતનો લય આવ્યો. ત્યારે તે લટકાં-ઝટકાં કરતી સ્ટેજથી નીચે ઊતરી. મારી સામે આવી ઊભી રહી. મને થયું આ અહીં કેમ આવી હશે! ત્યાં તો તે મને પગે લાગી અને ધીમેથી બોલી, "આ ગીત પછી મારે તમને મળવું છે. આ બાજુ આવજો." તે મને પગે લાગી હતી, એટલે કોઈ અમંગળ વિચારોએ ન સતાવ્યો. થોડીવાર પછી તાળીઓના ગડગડાટ સાથે તેનું ગીત પૂરું થયું. સ્ટેજની બાજુમાં થોડી જગ્યા હતી અને ત્યાં બહાર નીકળવાનો દરવાજો હતો. ત્યાં તે આવી. એટલે હું ગયો.

તે બોલી, “રામોલિયાસાહેબ, મને ઓળખી?”

હું બોલ્યો, “અહીં તારો પરિચય તો અપાયો હતો. એટલે એ રીતે ઓળખું છું.”

તે કહે, “સાહેબ, બીજું કંઈ યાદ નથી આવતું? મારું નામ સપના મનીષભાઈ રાઠોડ છે. સાક્ષરતા અભિયાનને યાદ કરો!”

હવે મગજ બરાબર ગાવા લાગ્યું. આ સપના ત્યારે ચોથા ધોરણમાં ભણતી હતી. તે સમયે સાક્ષરતા અભિયાન ચાલતું હતું. લોકોમાં જાગૃતિ લાવવા માટે શાળાની નજીકના વિસ્તારોમાં જઈને કાર્યક્રમો કરવાના હતા. બાળકો પાસે આ કાર્યક્રમો તૈયાર કરાવવાની જવાબદારી મેં લીધી હતી. હું કાર્યક્રમ માટે બાળકોની પસંદગી કરતો હતો. ત્યારે સપના ત્યાં આવી અને બોલી, “મારે પણ પ્રોગ્રામમાં રહેવું છે.” મેં પૂછ્યું, “તને શું આવડે છે?” તે કહે, “ગીત ગાઉં?” અને ગાવા લાગી. સાંભળીને મેં કહ્યું, “તારો અવાજ તો સરસ છે. મોટી થઈને સારી ગાયિકા બની શકીશ. પણ દીકરી! અત્યારે તો ભણવામાં ધ્યાન આપવાનું.” પછી તો કાર્યક્રમ થયો. સપનાએ ખૂબ સારું ગાયું. મ્યુનિસિપલ કમિશનર તરફથી તેને ઈનામ પણ અપાયું. અને હા, પછી ભણવા બાબત તેની કોઈ ફરિયાદ રહેતી નહોતી. શાળામાં કોઈ કાર્યક્રમ હોય તો તે ભાગ લેતી જ.

મેં તેને કહ્યું, “તેં તો ખૂબ સારી પ્રગતિ કરી. લોકો તને સાંભળવા આતુર હતા.”

તે બોલી, “તમે જ તો આ રસ્તો દેખાડયો હતો. પછી તો ગાયિકા બનવું એ જ એક લક્ષ્ય હતું. હાઈસ્કૂલમાં હતી ત્યારથી જ એક સંગીતશાળામાં પણ શીખવા જવા લાગી. લય-તાલ બધું વ્યવસ્થિત શીખ્યું. જેમ સંગીતમાં ધૂનનું મહત્વ હોય, તેમ મારા મનમાં પણ ધૂન હતી કે સારી ગાયિકા બનવું જ છે. અને બની પણ શકી. આજે મને ખૂબ સંતોષ છે. તમારો પણ ખૂબ આભાર કે મને આ રસ્તો દેખાડયો. લોકોને આનંદ કરાવવામાં મને પણ આનંદ આવે છે.”

મને થયું, જે એક ધૂન પકડીને બેસી જાય, તેને સફળ થતાં કોઈ રોકી શકતું નથી. બસ મનમાં લયબદ્ધ ધૂન વહેતી રહેવી જોઈએ કે મારે આ કરવું છે. મેં સપનાને શુભેચ્છા આપી અને પછી સપના તેમજ અન્ય ગાયકોનાં ગીતો મનને નચાવીને માણ્યાં.

★ ★ ★



# હું અહીં ઊભો છું, સાહેબ!

જીવનમાં કોણ કયારે મળી જાય એ ખબર હોતી નથી. કયારેક અણગમતું મળે, તો કયારેક ગમતું પણ મળે. મનના વિચારોનું પણ એવું જ છે. કયારેક સારો વિચાર આવે, તો કયારેક દુઃખદાયક વિચાર પણ આવીને ઊભો રહી જાય છે. પણ આપણે તો સંસારસાગરમાં રહેનારા. એટલે લડવાનું તો રહ્યું જ(ઝગડવાનું નથી કહેતો). મન આવા વિચારમાં પડયું હતું અને તે વખતે હું ગાડી લઈને નીકળ્યો. રસ્તામાં ચાર રસ્તાની ચોકડી આવી. વાહનોની ભીડ વધારે હતી. તેથી ગાડી થોડી રોકી. અન્ય પણ ત્યાં ગાડી રોકી ઊભા હતા. બાજુના રસ્તેથી આવતાં વાહનો થોડાં ઓછાં થયાં એટલે મેં ગાડી ચલાવવી શરૂ કરી. ત્યાં તો અવાજ આવ્યો, "કયાં જાવું છે? હું અહીં ઊભો છું, સાહેબ!"

મેં વળી અવાજની દિશામાં જોયું. ત્યાં તો ટ્રાફિકપોલીસના બે જવાનો ઊભા હતા. તેમાંથી એકે મારા તરફ હાથ કરીને મને રોકાવાનું કહ્યું. મને આશ્ચર્ય થયું. એક તો એ કે અહીં પહેલી વખત આ લોકો હતા. આ ચોકડીએ ટ્રાફિકપોલીસ કયારેય જોયેલ નહિ. બીજું એ કે પોલીસવાળા કદી' કોઈને રોકવા માટે 'સાહેબ' કહીને બોલાવતા હોય એવું આ પહેલા કયારેય સાંભળ્યું નહોતું. મોટા ભાગે 'એ એકટીવાવાળા ઊભો રહે' જેવા શબ્દો સાંભળવા મળે. એટલે ગાડી એકબાજુ રાખી હું તેની પાસે ગયો.

હું બોલ્યો, "આવા માનભર્યા શબ્દો વાપરવા બદલ ખૂબ-ખૂબ આભાર, ભાઈ!"

તે કહે, "ગુરુજીને માનથી ન બોલાવાય? હું તમારો વિદ્યાર્થી છું. મારું નામ અશોક ચંદુભાઈ વિસરોલિયા છે."

મને યાદ આવ્યું, આ ભણવામાં તો ખૂબ નબળો હતો. વાંચવાનુંય માંડ

ફાવતું. હા, છતાંયે તેનું સ્વપ્ન પોલીસ બનવાનું હતું. શાળામાં કોઈ કાર્યક્રમ હોય, તો તે પોલીસનો વેશ જ ધારણ કરતો. એટલે એક દિવસ મારાથી કહેવાય ગયું, "તારે પોલીસ તો બનવું છે, પણ તેના માટે ભણવું પડે અને તને ભણવામાં તો રસ નથી. તો પોલીસ કઈ રીતે બનીશ?" મારી વાત સાંભળીને તે થોડો ગંભીર તો બન્યો, પણ તેના શિક્ષણમાં કોઈ સુધારો આવ્યો હોય એવું ત્યારે તો નહોતું દેખાયું. અને પછી તો તે પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને માધ્યમિક શાળામાં ગયેલ.

મેં તેને પૂછયું, "તું અહીં સુધી કઈ રીતે પહોંચ્યો."

તે કહે, "કેમ ન પહોંચું!"

મેં કહ્યું, "તને ભણવામાં રસ નહોતો એટલે કહું છું."

તે કહે, "રામોલિયાસાહેબ, કયારેક તમારા પ્રેમાળ શબ્દોએ, તો કયારેક તમારા ધારદાર શબ્દોએ અનેકના જીવનમાં પરિવર્તન લાવી દીધું છે. આ વાત મેં ઘણા પાસેથી સાંભળી. મને પણ તમારા શબ્દો યાદ આવ્યા અને મહેનત કરવાનું નક્કી કરી લીધું."

મેં પૂછયું, "હં, એ તો ઠીક, પણ અહીં સુધી પહોંચવા તેં શું કર્યું? પાસ કઈ રીતે થતો ગયો?"

તે કહે, "મહેનત કરીને પાસ થયો છું, સાહેબ! ચોરી નથી કરી. તમારા શબ્દો યાદ આવ્યા અને મનમાં સપનું સળવળ્યું. કરવા લાગ્યો મહેનત અને મંડયો પાસ થવા અને આજે મારું પોલીસ બનવાનું સપનું પૂરું કરીને અહીં ઊભો છું."

મેં મજાક કરી, "ખાલી ઊભું જ ન રહેવાનું હોય! ફરજનું પાલન પણ કરવાનું હોય."

તે બોલ્યો, "હું ફરજનું પાલન કરું જ છું. આગળ પણ પરીક્ષા આપવી છે અને ઊંચા હોદ્દા સુધી પહોંચવું છે. તમારા શબ્દોએ મને અહીં પહોંચાડયો. હવે તમારા આશીર્વાદથી હું આગળ વધવા ઈચ્છું છું. મને આશીર્વાદ આપો."

મેં કહ્યું, "જે સપનું જુવે છે, અને મહેનત કરે છે, એ સફળ થાય જ છે. વડીલોના આશીર્વાદ તેમાં ઉત્સાહ આપે છે. તું પણ નીતિ રાખીને મહેનત કરીશ, તો તારું સ્વપ્ન જરૂર પૂરું થશે જ. હા, અભ્યાસની તાકાત ખૂબ શકિતશાળી છે એ ભૂલતો નહિ!"

★ ★ ★



# આવો મારી હાટડીએ

એક દિવસ હું બજારમાં ખરીદી કરવા નીકળ્યો. બજારમાં દુકાનોને જોતો આગળ વધતો જતો હતો. ક્યારેક ધ્યાન ચૂકી જવાય તો કોઈ અથડાઈ પણ જાય. પણ બધા સારા મળ્યા. એટલે 'આંધળો છો કે શું?' એવું કોઈ ન બોલ્યું. તેથી બીજો પણ એક વિચાર આવ્યો, કે આ બજારમાં આવનાર માણસો વિવેકી જ હશે. ઘણી દુકાનો જોઈ, પણ મારે જે વસ્તુ લેવી હતી તે ક્યાંય જોવા ન મળી. આમતેમ જોતો આગળ વધ્યો. ત્યાં કોઈ મારી સાથે અથડાયું હોય એવું લાગ્યું. બંનેએ એકબીજા સામે જોયું. તેને હું ઓળખી ગયો. તે મારો પૂર્વ વિદ્યાર્થી મયૂર નાનજીભાઈ પરસાણી હતો.

તે બોલ્યો, "રામોલિયાસાહેબ! આમ ભટકાતા-ભટકાતા શું લેવા નીકળ્યા છો?"

મેં કહ્યું, "મારે ફલાણી વસ્તુ લેવી છે."

તે કહે, "આવો મારી હાટડીએ! ત્યાં મળી જશે."

મને આશ્ચર્ય થયું કે, આને હાટડી શબ્દ ક્યાંથી આવડી ગયો! ભણવા સાથે તો તેને બાપદાદાનું વેર હતું. હા, તોફાન સાથે દોસ્તી હતી. એક દિવસ તો તેના તોફાનને લીધે મેં બરાબરની થપ્પડ મારી અને કહેલું કે, "શાળામાં ભણવા આવશ તો ભણવામાં ધ્યાન દેને! આવી રીતે જિંદગીને વેડફી ન નાખ. ભણીશ તો ધંધો પણ સારો કરી શકીશ."

આવા વિચારમાં તેની સાથે થોડે સુધી ચાલ્યો ત્યાં એક દુકાન આવી.

દુકાન સામે હાથ ચીંધીને મને કહે, "આ મારી નાનકડી હાટડી."

હું દુકાનમાં ગયો. દુકાન ઘરવપરાશની ચીજો અને પ્લાસ્ટિકની ચીજોની હતી. દુકાનની રોનક જોઈને મારી આંખો પહોળી જ રહી ગઈ. મેં

કહેલ ચીજ તે તરત શોધી લાવ્યો. બાકીના ગ્રાહકોને બીજા માણસો વસ્તુઓ શોધીને આપતા હતા. તેમાંયે ઘડીકમાં વારો આવતો નહિ હોય. એટલે મારા પહેલા આવેલા ગ્રાહકો મારી સામે કતરાઈને જોવા લાગ્યા.

મયૂરે મને એક ખુરશીમાં બેસાડયો. પછી મારા સામે ઊભો રહીને બોલ્યો, "નાસ્તામાં શું લેશો સાહેબ?"

મેં કહ્યું, "મને નાસ્તામાં કંઈ નહિ ચાલે. પણ મને એ તો કહે કે, આવો ચમત્કાર કેવી રીતે થયો?"

તે કહે, "તમારી થપ્પડથી."

આ સાંભળી બીજા ગ્રાહકો પણ અમારા સામે જોવા લાગ્યા.

ફરી તે બોલ્યો, "તે દિવસે તમે મને થપ્પડ મારી જે વાત કહી હતી તે મારા મગજને હચમચાવી ગઈ હતી. પછી હાઈસ્કૂલમાં ગયો ત્યારે ધ્યાન આપીને વાંચતા-લખતાં શીખ્યો અને હિસાબ કરવાનું શીખી ગયો. દસમા ધોરણ પછી ભણ્યો નહિ અને એક નાનકડી દુકાન ખોલી. અત્યારે આવી ચાર દુકાનો છે."

હું બોલ્યો, "વાહ, મયૂર! તેં તો ખૂબ સારી પ્રગતિ કરી લીધી. તું તો આગળ વધ્યો, પણ તારી દુકાનમાં કામ કરનારાને પણ રોજીરોટી ઊભી કરી દીધી. જ્યાં તારું પોતાનું કોઈ ઠેકાણું નહોતું, તેની જગ્યાએ તેં આ સામ્રાજ્ય ઊભું કરી દીધું. શાબાશ, મયૂર શાબાશ!"

તે જ્ઞાનની વાત કરે છે, "જેમ નારદજીની ટકોરે વાલિયા લુંટારાને વાલ્મિકી ઋષિ બનાવી દીધા, તેમ તમારી ટકોરે મને અહીં સુધી પહોંચવાનું બળ આપ્યું છે. તે દિવસે તમે થપ્પડ મારીને મારી આંખ ખોલી ન હોત, તો આજે હું કયાંક મજૂરી કરતો હોત. તમારો ખૂબ-ખૂબ આભાર, સાહેબ!"

આ સાંભળીને મને થયું, કયાંક અજાણતામાં પણ મોટું જ્ઞાન અપાય જતું હોય છે. જેને શીખવવું હોય, તે કોઈપણ રીતે શીખવે છે. શીખવવા માટે સ્થળ-કાળ જોવાની જરૂર ન હોય.

★ ★ ★



# એમ કાંઈ થોડું ચાલે!

ઘરનાં બારીબારણાંમાં થોડું સમારકામ કરાવવાનું હતું. તે માટે એક સુથારને બોલાવેલ. તેણે કહ્યું, "સ્ટોપર અને મિજાગરા બદલવા પડશે." મેં તે માટે તૈયારી બતાવી. એટલે તેણે મને એક કારખાનાનું સરનામું આપીને કહ્યું, "દુકાન કરતાં અહીં સસ્તું મળશે." દરેક માણસ સસ્તા માટે દોડતો હોય છે. હું પણ એ સાંભળીને હરખાયો. ત્યાં જવા માટે નીકળી પડયો.

કારખાનાવાળા વિસ્તારનો બહુ અનુભવ નહિ. એટલે શોધવામાં થોડી તકલીફ પડી. પણ પહોંચી તો ગયો જ. કારખાનું ઘણું મોટું હતું. ઘણા માણસો કામ કરતા હતા. આગળ તેનું કાર્યાલય હતું. વાતાનુકૂલિતયંત્ર વડે કાર્યાલય ઠંડકવાળું હતું. અંદર જતાં જ એક પહેલવાન જેવા યુવકે મોં મલકાવીને આવકારો આપ્યો. મેં તેને સ્ટોપર અને મિજાગરા બતાવવા કહ્યું. તેણે મને દેખાડયાં. તેમાંથી મેં પસંદ કર્યાં. પછી બિલ બનાવવા કહ્યું. એટલે...

તે કહે, "બિલ કાંઈ બનવાનું નથી."

મેં કહ્યું, "બિલ તો જોઈએને!"

તે બોલ્યો, "પૈસા લેવાના હોય તો બિલ બનેને?"

મેં કહ્યું, "મારે મફતમાં કંઈ નથી જોતું."

તે થોડી ઉતાવળથી બોલ્યો, "એમ કાંઈ થોડું ચાલે! મેં કીધુંને, પૈસા નથી લેવાના!"

હું તેની સામે જોતો રહ્યો. મનમાં થયું, આ મને ઓળખતો હોવો જોઈએ. પણ હું એને ઓળખતો નહોતો.

ફરી તે બોલ્યો, "અરે, રામોલિયાસાહેબ! હજી મને ન ઓળખ્યો? હું તમારો વિદ્યાર્થી નરેન્દ્રસિંહ હરેન્દ્રસિંહ ચૌહાણ."

મારા મનની બત્તી ઝબકી. અરે, હા! આ નરેન્દ્રને ભણવાનું બહુ ઓછું ગમતું. રમતમાં વધારે ધ્યાન આપતો. તેમાંયે ક્રિકેટ રમવાનું થાય એટલે તો જાણે તૂટી જ પડે. સાથે-સાથે કારીગરી પણ જાણે. એક દિવસ રમતાં-રમતાં તે પડયો અને હાથ ભાંગ્યો. એટલે તેના માતાપિતાએ તેને રમવાની મનાઈ કરી. હવે તેનું ધ્યાન કારીગરી તરફ વધારે રહેતું. એટલે એક દિવસ મેં તેને થોડો ટકોર્યો, "નરેન્દ્ર! મને એવું લાગે છે કે, મોટો થઈને તું ઈજનેર બની શકીશ. પણ તેના માટે તારે ભણવામાં ધ્યાન આપવું પડશે. તને કાંઈ ન સમજાતું હોય તો મારા ઘરે આવીને પણ પૂછવાની છૂટ." અને પછી તો તે ખરેખર શીખવામાં ધ્યાન આપવા લાગ્યો. મારા ઘરે પણ આવતો. પછી તે હાઈસ્કૂલમાં ગયો. એટલે ઘરે આવવાનું બંધ થયું. તે પછી આજે હું તેને જોઈ રહ્યો હતો.

મેં તેને પૂછયું, "તારી આટલી સફળતાનું રહસ્ય શું છે?"

તે કહે, "તમારા શબ્દો."

મેં ફરી પૂછયું, "તો તો તું ઈજનેર બન્યો જ હોઈશ!"

તે કહે, "દસ ધોરણ જ ભણ્યો છું. ઈજનેરની ડિગ્રી તો નથી, પણ ઈજનેરી સારી રીતે જાણું છું. મારા પપ્પાને નાનું કારખાનું હતું. હું તમારા શબ્દોને યાદ કરતો ગયો અને તેમાં ધ્યાન દેતો ગયો. ખૂબ શીખી લીધું. આજે ગમે તેવી અઘરી વસ્તુ બનાવવાની હોય, હું બનાવી શકું છું. નાના કારખાનામાંથી આ મોટું કારખાનું બનાવ્યું. અત્યારે આ કારખાનામાં ૮૭ કારીગરો કામ કરે છે. મારે તો ખાલી ચીંધવાનું હોય છે."

હું બોલ્યો, "વાહ! તેં ખૂબ સારી પ્રગતિ કરી છે. તને મળીને ખૂબ આનંદ થયો. પણ હવે કહી દે, કેટલા રૂપિયા આપું?"

તે કહે, "હું તમારા ઘરે પણ કેટલીવાર શીખવા આવતો! તમે કયારેય પૈસા લીધા હતા? તો આજે ગુરુદક્ષિણામાં આટલું આપવાનો પણ મારો હક્ક નથી!"

આટલું બોલતા તો તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. તે મારા પગ પકડીને ઊભો રહી ગયો અને મારો હાથ વહાલથી તેના ઉપર ફરતો રહ્યો.

★ ★ ★



# તમે તો મગજના કારીગર છો!

એક વખત ઘરની દીવાલ ભીની થવા લાગી. મનમાં થયું કે, કયાંક પાણીની પાઈપ તૂટી હશે. મારા પડોશીએ કહ્યું, "આ માટે કોઈ સારો પ્લમ્બર જોઈએ. જેવોતેવો આવી જાય તો દીવાલ વધારે તોડી નાખે. ઘરની દશા બગાડી નાખે." મેં સારો પ્લમ્બર ધ્યાનમાં હોય તો કહેવા માટે વાત કરી. થોડીવાર પછી તેણે એક નંબર આપ્યો. મેં એ નંબર ઉપર ફોન કરીને પ્લમ્બરને આવવા માટે કહ્યું.

પ્લમ્બર આવે છે. તેણે મને જોયો. પછી કામની વિગત જાણીને પાઈપનું ભંગાણ શોધવા લાગ્યો. થોડીવાર સુધી દીવાલમાં જુદી-જુદી જગ્યાએ ટકોરો મારતો રહ્યો. ટકોરો મારતાં-મારતાં બાથરૂમની દીવાલ પાસે પહોંચ્યો. મને થયું, દીવાલ ભીની આ જગ્યાએ થઈ છે ને આ ત્યાં શું કરે છે? મારાથી રહેવાયું નહિ. તેને એ બાબત વાત કરી. એટલે તે ત્રાંસી નજરે મારી સામે જોવા લાગ્યો.

પછી બોલ્યો, "ઘરમાં પણ બોલવાનું બંધ નથી રાખતા, રામોલિયાસાહેબ!"

મેં કહ્યું, "દીવાલ આ જગ્યાએ ભીની થઈ છે તો ત્યાં શું જોવાનું છે?"

તે કહે, "મને મારું કામ કરવા દો. પછી બીજી વાત."

આમ કહી તે પોતાનું કામ કરવા લાગ્યો. પણ હું ચકરાવે ચડયો. તેણે 'રામોલિયાસાહેબ' કહ્યું એતો ઘરના દરવાજે નામ લખેલ છે તેના આધારે કહ્યું હોય. પણ 'ઘરમાં પણ બોલવાનું' વાકય વિચારે ચડાવી ગયું. એટલે મનને થોડું ફંફોસ્યું. તો યાદ આવી ગયું. આ તો લક્ષ્મણ જેરામભાઈ કછટિયા લાગે છે. મોટો થઈ ગયો, પણ મોઢાનો દેખાવ પહેલા જેવો જ લાગતો હતો. એટલે તરત યાદ

આવી ગયું. તે ભણતો ત્યારે પણ પાણી બાબતના કામમાં વધુ ધ્યાન રાખતો. જુદી-જુદી નળીઓને જોડવી હોય તો તે પહોંચી જ જાય. એટલે એક દિવસ મેં કટાક્ષમાં કહ્યું હતું, "શું તારે પ્લમ્બર બનવું છે?" એટલે એ મોઢું મલકાવીને ત્યાંથી ચાલ્યો ગયો. અને આજે તે ખરેખર પ્લમ્બર બનીને મારી સામે આવ્યો હતો. હું બોલ્યો નહિ. તેને તેનું કામ કરવા દીધું.

હવે તે બોલ્યો, "બાથરૂમની પાઈપ તૂટેલી છે, ત્યાંથી આ પાણી આવે છે."

મેં કહ્યું, "પાઈપ બાથરૂમમાં તૂટે ને પાણી અહીંથી નીકળે?"

તે કહે, "મને મારું કામ કરવા દો, ને તમે જોયા કરો!"

તે કામે વળગી ગયો. બાથરૂમની થોડી દીવાલ તોડીને તૂટેલો ભાગ શોધી કાઢયો. મેં પણ તે જોયું. તે સાચો હતો. ત્યાં નવી પાઈપ નાખીને ફરી હતું તેવું કરી દીધું. કોઈ ન કહી શકે કે, અહીં દીવાલ તોડી હશે. કામ પૂરું કરીને તે ઊભો થયો.

મને કહે, "હવે કહો, તમારે શું કહેવું છે?"

મેં જવાબ આપ્યો, "લક્ષ્મણ! તું તો કાબેલ કારીગર છો હો!"

તે કહે, "લ્યો, તમે તો મને ઓળખી ગયા."

મેં કહ્યું, "તું ભણતો ત્યારથી કારીગર હતોને, એટલે ઓળખી ગયો."

તે કહે, "સાહેબ! હું તો આવી પાઈપનો કારીગર છું. પણ તમે તો મગજના કારીગર છો. અનેકના મગજને તમે સારાં કરી દીધાં છે. જેને સુધારવો મુશ્કેલ હોય, એને પણ તમે સુધારી દીધો છે. એમાંનો એક હું પણ છું. તમે પાઠ ભણાવતી વખતે વચ્ચે બોધપ્રદ ઉદાહરણો આપતા. તે ઉદાહરણો મારા મનમાં ખૂબ ગૂંજ્યાં. મને વાંચવા-લખવાનું શીખવાની તાલાવેલી જાગી. શાળાએ તો આગળ ન ભણ્યો, પણ બીજા પાસે હું શીખવા લાગ્યો. આજે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી બરાબર આવડે છે. હું જે ધંધો કરું છું, તે મારા રસનો વિષય હતો. તેથી તેમાં તો સારી કાબેલિયત આવી જ ગઈ."

મેં કહ્યું, "સરસ વાત તેં કરી દીધી. જેને શીખવું જ હોય, તે ગમે તે રીતે શીખી શકે છે. જરૂર છે માત્ર શીખવા પ્રત્યે રૂચિ કેળવવાની."

તે કહે, "લ્યો, ત્યારે હું જાવ છું. જરૂર પડે ત્યારે યાદ કરજો."

આટલું બોલી તે ચાલી નીકળ્યો અને હું તેને અહોભાવથી જોતો રહ્યો.

★ ★ ★



# સાહેબ! ઈ ખરાબ છે

માનવસહજ સ્વભાવ છે કે પોતે જ હોશિયાર છે એવું દેખાડવું. સામેવાળો ગમે તે હોય, તેનાથી ચડિયાતા દેખાવાનું રાખવાનું જ. દરેકના જીવનમાં આવું બનતું જ હોય છે અને તેમાં કયારેક શરમ અનુભવવાનો વારો પણ આવે. છતાંયે એવું વિચારવાનું ટાળીએ છીએ. મારા અનુભવે મેં એવું નક્કી કર્યું, કે કયારેક નમતું મૂકી દેવામાં પણ આપણી જીત છે.

એક દિવસ ફળ લેવા માટે બજારમાં નીકળ્યો. એક દુકાનમાં સારાં ફળ દેખાયાં. એટલે ત્યાં ગયો. દુકાનવાળાએ પૂછ્યું એટલે મેં ફળ લેવાની વાત કરી. તેથી તે વીણી-વીણીને ત્રાજવામાં મૂકવા લાગ્યો. મેં કહ્યું, "તું રહેવા દે! હું વીણી લઉં છું." પછી હું ફળ વીણવા લાગ્યો. તે જોતો રહ્યો. મેં એક મોટું દેખાતું ફળ હાથમાં લીધું. હવે તે ચૂપ રહી શકયો નહિ.

તે બોલ્યો, "રામોલિયાસાહેબ! ઈ ખરાબ છે."

મારું નામ લીધું એટલે થયું, આ તો મને ઓળખે છે. છતાં મારી હોશિયારી બતાવવાનું છોડયું નહિ.

મેં કહ્યું, "કઈ રીતે ખરાબ છે? દેખાવમાં તો સરસ છે. કયાંય ટોચો પણ નથી."

તે કહે, "ખરાબ છે, તો છે. એની કોઈ રીત ન હોય."

તેણે મારા હાથમાંથી ફળ લઈ લીધું અને ચપ્પુંથી કાપ્યું. તો ખરેખર ખરાબ નીકળ્યું. બીજો કોઈ દુકાનવાળો હોત તો કદાચ ન પણ બોલત અને એનું ખરાબ ફળ વેંચાય પણ જાત. આપણે જાતે વીણ્યાં હોય, એટલે તેને કહી પણ ન શકીએ. અહીં મારું જ્ઞાન નબળું પડયું હતું.

મેં પૂછયું, "તું કઈ રીતે જાણી શકે છે કે ફળ ખરાબ છે."

તેણે આડો જવાબ આપ્યો, "સાહેબ! ભણવામાં ઠોઠ હોઈએ, એટલે બધી બાબતમાં ઠોઠ હોઈએ એવું થોડું છે!"

મેં કહ્યું, "તો ભણવામાં ઠોઠ મારો આ વિદ્યાર્થી કોણ છે?"

તે કહે, "આલેલે, તમે તો જાણી લીધું કે હું તમારો વિદ્યાર્થી હતો. મારું નામ નમેશ વિસુમલ લાલવાણી છે."

મને યાદ આવી ગયું. હું તેને કોઈ અક્ષર ઘૂંટવાનું કહું, તો તે તેને ઘૂંટી-ઘૂંટીને અક્ષરના બદલે ફળ જેવો બનાવી દેતો. કાંઈપણ લખવાનું કહું, તો તેને પણ લીટા કરીને બગાડી નાખે. તેનો આકાર તો ફળ જેવો જ બનતો. ઉપલા ધોરણમાં ગયા પછી પણ તેની એ ક્રિયા જ રહી. એક દિવસ તેના વર્ગમાં ગયો. એ ક્રિયા જોઈ. મને થોડો ગુસ્સો આવ્યો. એટલે થોડું ખિજાયો અને કહ્યું, "હવે તો મોટો થયો. ભણવામાં બરાબર ધ્યાન દે. કાંઈક તો શરમ રાખ. ધંધો કરવામાં પણ ભણતર તો જરૂરી જ છે. જે હોય તેને ફળ જેવા બનાવી દેશ. શું તારે ફળ વેંચવાનો ધંધો કરવો છે?" આ યાદ આવ્યું ને મને ઝબકારો થયો. આ તો ખરેખર ફળ વેંચવા જ બેઠો છે.

મેં પૂછ્યું, "આ બધું તો ઠીક. તું ફળ પારખવામાં તો હોશિયાર બની જ ગયો. પણ આગળ કાંઈ ભણ્યો હતો કે નહિ?"

તે કહે, "હા, નવમા ધોરણ સુધી તો પહોંચી ગયો હતો. પછી પાછો વળી ગયો. તમારું મ્હેણું સાંભળીને વાંચતાં-લખતાં તો શીખી ગયો. પણ ગાડી વધારે આગળ ન વધી શકી. પછી તો બાપાએ સૂંડલામાં ફળ ભરીને વેંચવા મોકલવાનું ચાલું કર્યું. હું ભણ્યો નહિ, પણ ગણ્યો. નફો કરવા લાગ્યો. થોડી રકમ ભેગી કરી લીધી અને આ દુકાન બનાવી લીધી. સારો વેપાર થઈ જાય છે. નીતિ રાખી છે. કોઈને છેતરતો નથી. ખરાબ આપતો નથી. એટલે ઘણા તો બાંધ્યા ગ્રાહકો થઈ ગયા છે."

હું બોલ્યો, "તારા બાંધ્યા ગ્રાહકોમાં એકનો વધારો. તારી પ્રગતિ જોઈને ખૂબ આનંદ થયો. અત્યારે તેં જે નીતિ રાખી છે, તે ભણવામાં પણ રાખી હોત તો તારો આનંદ અત્યાર કરતાં બેવડો હોત. જિંદગીનો ઉજાશ જુદો જ હોત. ખેર, જે થયું તે. તારાં સંતાનોને તો બરાબર ભણાવજે. સુખી જીવનની મારી શુભેચ્છા."

★ ★ ★



# દોરડાં તો ચંગુભાઈનાં!

આપણે સંસારમાં રહેનારા. ખબર નહિ, કયારે કઈ વસ્તુ લેવા નીકળવું પડે. આપણને સ્વપ્નેય ખ્યાલ ન હોય એવી વસ્તુ લેવા નીકળવું પડે. એ વસ્તુ એવી પણ હોઈ શકે, કે જેનો ઉપયોગ આપણે કયારેય કર્યો ન હોય, કે કરવો પડે તેમ પણ ન હોય.

મારે પણ આવું જ બન્યું. ગામડે રહેતા મારા સંબંધીનો ફોન આવ્યો કે, એક જાડું દોરડું લેવાનું છે. લઈને મોકલી દેજો. પણ ઈ દોરડું ચંગુભાઈ પાસેથી લેવાનું છે. એના જેવું દોરડું કોઈનું નથી આવતું. તેમણે મને જે જગ્યા કહી, એ જગ્યા તો મારી શાળાના રસ્તે જ આવતી હતી. પણ મેં કયારેય ચંગુભાઈનાં દોરડાં જોયાં નહોતાં. કારણ કે, એ મારા માટે જરૂરિયાતની ચીજ નહોતી. આપણે જે ચીજની જરૂર હોય, તેનું ધ્યાન આપણે રાખતા હોઈએ. કયારેક તેના માટે પણ કોઈને પૂછવું પડતું હોય. તો આ તો મારા માટે અજાણ્યું હતું.

કહેલી જગ્યાએ હું પહોંચ્યો. ત્યાં દોરડાં લેવાવાળા ઘણા હતા. એટલે મને થયું ચંગુભાઈ પ્રખ્યાત તો લાગે છે! ચંગુભાઈ તરફ મારું ધ્યાન ગયું. લઘરવઘર મેલાં કપડાં. ઉપર બંડી ને નીચે ધોતિયું. માથે બાંધ્યું હતું મેલું ફાળિયું. થોડીવાર પછી ચંગુભાઈની નજર મારા ઉપર પડી. ઊભા થઈને મારી પાસે આવે છે.

તે કહે, “આવો, આવો રામોલિયાસાહેબ! ધન્ય ઘડી ધન્ય ભાગ્ય. તમારા પગલે મારી આ ઝૂંપડી પાવન થઈ ગઈ. આજે તો તમે અહીં પધાર્યા?”

મને થયું, આ લઘરવઘરને બોલતા તો સારું આવડે છે. મને ઓળખે પણ છે. કદાચ આ ચંગુભાઈ એટલે મારા પાસે ભણતો હતો તે ચંગુ રામા સોલંકી હોવો જોઈએ. તેને પાતળા દોરામાંથી જાડી દોરીઓ બનાવવાની ટેવ તો

નાનપણમાં પણ હતી. ખરું કહું તો, આ એક વિદ્યાર્થી એવો નીકળ્યો હતો, કે વારંવાર કરાવવા છતાં 'ક'ને ઓળખવામાં પણ ભૂલ કરતો. એના ઉપર શામ, દામ કે દંડની કોઈ નીતિ કામ આવી નહોતી. કોઈ વળી બોલશે, કે વિદ્યાર્થીમાં વળી દામની વાત ક્યાં આવી! તો તેના ઉપર વાપરવા માટે દામ આપવાની નીતિ પણ અપનાવી હતી. છતાં જરાયે ફરક ન પડયો. આજે એ જ ચંગુને ચંગુભાઈ તરીકે જોયો. લોકો તેની 'વાહ વાહ' કરતા હતા. મારા તો આશ્ચર્યનો પાર નહોતો.

તે બોલ્યો, "સાહેબ, હું ચંગુ રામા સોલંકી."

મેં કહ્યું, "હા, ભાઈ હા! એ તો મેં અનુમાન મારી લીધું હતું. તારી તો કાંઈ 'વાહ વાહ' થાય છે ને!"

તે કહે, "આ રસ્તો તમે તો દેખાડયો હતો. તમે તો કહ્યું હતું કે, ભણવામાં તો તારો ગજ વાગતો નથી. તો પછી દોરડાં તો સારાં બનાવજે!"

હું મજાકમાં બોલ્યો, "એટલે જ તું ભણ્યો નહિ અને દોરડાં બનાવવામાં લાગી ગયો?"

તે કહે, "શું સાહેબ, તમેય! મારે તો ભણવું જ હતું. પણ આ ઉપલા માળમાં એ યાદ રાખવાની જગ્યા હોય તો યાદ રહેને!"

મેં પૂછયું, "તો પછી આ દોરડાં બનાવવાનું કેમ યાદ રહ્યું?"

તે બોલ્યો, "ઈ તો બધી ઉપરવાળાની ઈચ્છા. ઈ એક જ ફાવતું હતું અને વધારે ફાવી ગયું. એટલે જેવાં દોરડાં બનાવું, એવાં જ વેંચાય જાય. બાકી તો દુવા તમારા જેવાની. આપણો ધંધો ધમધોકાર ચાલે છે."

મને કહેવત યાદ આવી ગઈ, 'ઈશ્વર એક હાથે છીનવે છે, તો બીજા હાથે આપેય છે.' આ ચંગુનું ભણવાનું પાસું જાણે છીનવાય ગયું હતું, તો દોરડાં બનાવવાનું પાસું બળવાન બની ગયું હતું. દૂર રહેતા લોકોના મુખે પણ ચંગુભાઈનું નામ સંભળાય. આનાથી મોટી પ્રગતિ કઈ હોઈ શકે? આવું શિક્ષણ આપવામાં તો શિક્ષક પણ પાછો પડે.

★ ★ ★



# તું સિવિલ એન્જીનિયર.....?

એક વખત અમારા સંબંધીને મકાનનો પ્લાન બનાવવાનો હતો. એના માટે એન્જીનિયર પાસે જવાનું હતું. આ બાબતમાં એય અજાણ્યા અને હુંય અજાણ્યો. અન્યને પૂછીને એક ઓફિસમાં પહોંચ્યા. ઓફિસની ઝાકમઝોળ સરસ હતી. રિસેપ્શનમાં બેઠેલ યુવતીએ મીઠો આવકાર આપ્યો. અમે અમારી વાત કરી. એટલે તેણે કહ્યું, "સાહેબ હમણા આવશે. બેસો." અમે સાહેબની વાટ જોઈને બેઠા.

થોડીવાર થઈ. એક યુવાન ઓફિસમાં પ્રવેશે છે. તેનું ધ્યાન મારા ઉપર પડયું અને થોભી ગયો. ત્યાંના કર્મચારીઓ ઊભા થઈ ગયા. એટલે મેં અંદાજ માર્યો કે, આ એના સાહેબ હોવા જોઈએ. મારી પાસે આવીને મને પગે લાગે છે. હવે હું એની સામે જોતો રહી ગયો. ત્યાંના કર્મચારીઓ તો એકીટશે જોતા રહી ગયા. તે યુવાને પોતાની ઓફિસમાં આવવા કહ્યું. અમે તેની સાથે ગયા. તેણે પોતાની ખુરશી ઉપર મને બેસાડયો. તે સામે બેઠો. હજી વધારે વાત થઈ નહોતી.

બહાર નામ તો વાંચ્યું હતું. તેનું નામ અજય જમનાદાસ ઘેલાણી. તેના વર્તન ઉપરથી હવે મને યાદ આવ્યું. તે મારા પાસે ભણતો. ભણવામાં ઠીક-ઠીક હતો. પણ ચિત્રકામ નબળું હતું. કયાંક કોઈ આકૃતિ દોરવાની હોય તો તેમાં શું દોર્યું છે તે ખબર ન પડે. એટલે ઘણી વખત ખીજાવું પણ પડતું. તેના લીધે વાંચવા-લખવામાં થોડું ધ્યાન વધ્યું, પણ ચિત્ર તો નબળું જ રહ્યું. સારું ચિત્ર દોરવા માટે મેં તેને ઘણી સલાહ અને માર્ગદર્શન આપેલ. પણ ત્યારે તો કોઈ અસર થઈ નહોતી.

તે બોલ્યો, "રામોલિયાસાહેબ! મને ઓળખ્યો?"

મેં જવાબ આપ્યો, "હા, તને જોઈને તો ન ઓળખી શકયો, પણ તારું

નામ જોઈને તારું ફિલ્મ નજર સામેથી પસાર થઈ ગયું. પણ તું સિવિલ એન્જીનિયર છો એ જાણીને તો આશ્ચર્ય થાય છે."

તે કહે, "એમાં આશ્ચર્ય શેનું?"

મેં કહ્યું, "આમાં તો પ્લાન બનાવવામાં ચિત્રાંકન વધારે આવે. તું ભણતો ત્યારે તને ચિત્રકામ તો ફાવતું નહિ! છતાંયે તું સિવિલ એન્જીનિયર...? પ્લાન દોરતા આવડે છે કે આડાઅવળું કરીને ડિગ્રી મેળવી લીધી છે?"

તે કહે, "સાહેબ! ડિગ્રી સાચી જ છે. તમારા પાસેથી નીકળ્યા પછી મને થયું કે સાહેબ મારી પાછળ મહેનત કરતા અને મને શિખામણ આપતા હતા તે સાચું હતું. ચિત્રકામ કયાંક તો કામ લાગશે જ. એટલે હું તે શીખવા લાગ્યો. ધીમે-ધીમે ફાવી ગયું. ધો. ૧૦માં સારું પરિણામ આવતાં એન્જીનિયર બનવાનું નક્કી કર્યું. તેમાંયે શીખેલા ચિત્રકામનો ઉપયોગ યાદ આવ્યો. એટલે સિવિલ એન્જીનિયર બનવાનું જ નક્કી કર્યું. અને એક વાત કહું, સાહેબ! આજે હું સારા પ્લાન બનાવી શકું છું અને કામ ખૂટતું પણ નથી."

મેં કહ્યું, "સરસ, ભાઈ સરસ! તેં મારી શિખામણની લાજ રાખી ખરી! મારી શિખામણ વ્યર્થ ન ગઈ. આ વાત જાણીને મને ખૂબ આનંદ થયો."

તે પૂછે છે, "પણ સાહેબ! આજે તો તમે આ બાજુ ભૂલા પડયા? તમારે મારું શું કામ પડયું?"

મેં કહ્યું, "મારે નહિ, પણ મારા આ સંબંધીને નવું મકાન ચણવું છે. તેનો પ્લાન બનાવવાનો છે. તું બનાવીશને?"

તે કહે, "સાહેબ! મારા માટે તો આ આનંદ અને ગૌરવની વાત છે કે મારા ગુરુજી મારે ત્યાં આવ્યા છે. એવો પ્લાન બનાવી દઈશ કે સૌ ખુશ થઈ જશે અને હું પાસ પણ કરાવી દઈશ."

અને ખરેખર, આ અજયે સરસ પ્લાન બનાવી દીધો. જે જાણે ચિત્રકામનો દુશ્મન હતો, તે આજે આવા સરસ પ્લાન બનાવી શકે છે. **મનમાં કોઈ બાબત શીખવાની ધૂન લાગે તો ન આવડતી બાબત પણ આવડી જ જાય છે. જેનું ઉદાહરણ મારા માટે આ અજયરૂપે સાક્ષાત થયું હતું.**

★ ★ ★



# આઈ એમ કોલિંગ ફ્રોમ અમેરિકા

સવારનો સમય હતો. શાળામાં રજા હતી, પરંતુ પ્રજાસત્તાકદિનની ઊજવણીના કાર્યક્રમમાં જવાની તૈયારી કરતો હતો. ત્યાં જ મોબાઈલની રીંગ રણકી. નંબર જોયો. વિદેશી લાગ્યો. અત્યારના સમયમાં છેતરપીંડીવાળાના ફોન ઘણા આવતા હોય છે. એટલે રીંગ વાગવા દીધી. થોડીવારમાં એ જ નંબર ઉપરથી ફરી ફોન આવ્યો. થયું, લે ને ઉપાડી લઉં. આપણે કયાં એની ચુંગાલમાં ફસાઈએ એમ છીએ!

ફોન ઉપાડયો. સામેથી અવાજ આવ્યો, "આઈ એમ કોલિંગ ફ્રોમ અમેરિકા."

મેં તેને એટલેથી જ રોકીને કહ્યું, "એ ભાઈ! બકવું હોય તો ગુજરાતીમાં બક!"

હવે તે ગુજરાતીમાં બોલે છે, "હલ્લો રામોલિયાસર! હું ધીરેન બોલું છું."

હું બોલ્યો, "હવે આવ્યો સીધી લાઈનમાં! પણ ધીરેન એટલે કયો ધીરેન?"

તેણે જવાબ આપ્યો, "ધીરેન હિંમતલાલ શાહ."

મને યાદ આવી ગયું. તે મારી પાસે ભણતો. બાકી બધા વિષય તેને ફાવે, પણ ગણિત સાથે દુશ્મનાવટ. ગમે તેટલું સમજાવું તોયે ગણિત તેના મગજમાં ન ઊતરે. ગણિતના લીધે બે વખત નાપાસ પણ થયેલ. છતાં તે નિરાશ નહોતો થયો. ત્રીજા વર્ષે ગમેતેમ કરીને પાસ થવા જેટલું તો શીખી લીધું.

મેં પૂછયું, "પણ તું અમેરિકામાં?"

તે કહે, "હા, હું અમેરિકામાં છું."

ફરી પૂછ્યું, "ત્યાં શું કરશ?"
તે બોલ્યો, "ઘણી પેઢીઓનું નામું લખું છું."
તે નામું બોલ્યો ને મારાથી ઊંચા અવાજે પૂછાય ગયું, "તું, અને નામું?"
અને પછી અમારા વચ્ચે આવો સંવાદ થયો :
"હા, હું અહીં નામું જ લખવાનું કામ કરું છું."
"પણ તું તો ગણિતનો દુશ્મન હતો ને?"
"તમારી કૃપાથી મિત્ર બની ગયો."
"કઈ રીતે?"

"તમે જ એક વખત વર્ગમાં કહ્યું હતું કે, અઘરો વિષય કહો તો પણ ગણિત, અને સહેલો વિષય કહો તો પણ ગણિત. ગણિતમાં કંઈ ગોખવાનું હોય જ નહિ. ગણિતને તમે સમજવા લાગો, એટલે ગણિત સહેલું લાગશે. ન સમજે તેને અઘરું લાગે. ગણિતને સમજશો એટલે આપમેળે આવડવા લાગશે. જરૂર છે ગણિત પ્રત્યે દષ્ટિ બદલવાની."

"તો શું તેં તેને સમજવાની રીત અજમાવી હતી?"

"હા. હું હાઈસ્કૂલમાં ગયો ત્યારે મનમાં થયું કે સાહેબ કહેતા હતા તે સાચું હશે? પછી હું દાખલાની રકમ જોઈને તેના વિશે ખૂબ વિચારવા લાગતો. તે રકમ સમજતો થયો અને પછી ગણિત મારા માટે સરળ બની ગયું. પછી તો આગળ ભણ્યો અને ગણિત સાથે મિત્રતા કરવાનું મન થયું. વચ્ચે કોમ્પ્યૂટર વગેરેનો કોર્ષ કર્યો, પણ ગણિતની મિત્રતા છોડવાનું મન ન થયું. એટલે સી.એ. કરવાનું નક્કી કર્યું અને ગણિત સાથેની મિત્રતાએ મને સી.એ. બનાવી પણ દીધો. મારા કામને લીધે અમેરિકાની એક પેઢીમાં નોકરી મળી ગઈ અને અહીં આવી બીજી પેઢીઓનું કામ પણ મળી ગયું. આ રીતે ગણિતની મિત્રતાથી ખૂબ લાભ થયો અને ખૂબ આનંદ છે."

"વાહ, ધીરેન વાહ! તેં તો મારી વાતને ચાર ચાંદ લગાવી દીધા! દરેક વિદ્યાર્થીએ આ વાત સમજવાની જરૂર છે. જે સમજે છે તેને ફાયદો થાય જ છે."

અને પછી ફોન પરની વાત પૂરી કરીને હરખાતાં હૈયે હું કાર્યક્રમમાં ગયો. મનમાં અનેરો આનંદ હતો.

★ ★ ★



# એક ટેભો પણ આઘાપાછો ન થાય

આપણું જીવન એવું છે કે ક્યારે કયું કામ કરવા જવું પડે તેની કોઈ ખાતરી હોતી જ નથી. એટલે મારું એમ માનવું છે કે, આપણે દરેક કામની તૈયારી રાખવી જોઈએ. ક્યારેક ઘરના લોકો કોઈ કામ ચીંધે, તો ક્યારેક ઓળખીતા પણ ચીંધે.

મારે પણ આવું જ બન્યું. અમારા એક ઓળખીતા ભાઈએ મને કહ્યું કે, "તમારી શાળાની નજીકના વિસ્તારમાં કોઈ પ્રખ્યાત લેડીસ ટેઈલર્સ છે. તમારી ભાભીને તેની પાસે જ કપડાં સીવડાવવાં છે. તો જરા તેનું સરનામું લેતા આવજો અને ક્યારે સીવી દેશે એ પણ પૂછતા આવજો."

મને થયું, આ ભાઈએ પહેલી વખત કામ ચીંધ્યું છે, તો 'ના' પણ કેમ પાડવી! એક દિવસ શાળાનો સમય પૂરો થયો એટલે હું પૂછતાં-પૂછતાં આગળ વધતો ગયો. છેવટે એક સાંકડી શેરીમાં પહોંચ્યો. બીજાને પૂછીને તે પ્રખ્યાત દરજી સુધી પહોંચી તો ગયો જ. નાનકડી એવી દુકાન હતી અને અંદર જોઈ શકાય એવી પરિસ્થિતિ ન હતી. કારણ કે, દુકાનના દરવાજા પાસે ઘણી સ્ત્રીઓ ઊભી હતી. થોડીવાર તો ઊભો રહ્યો, પણ એવું લાગ્યું કે, અહીં મારા માટે જગ્યા થાય એવું લાગતું નથી. એટલે મેં જરા ઊંચો અવાજ કરીને કહ્યું, "ઓ, દરજીભાઈ! મારે તમારું થોડું કામ છે. મારે વાત કરવાનો વારો આવશે? મારે કપડાંની સિલાઈ બાબત પૂછવું છે."

મારા અવાજથી સ્ત્રીઓ દૂર ખસી ગઈ. હવે દરજીનાં દર્શન થયાં. તેણે મારા સામે જોયું. પછી કહે, "રામોલિયાસાહેબ! મારા કામ બાબત કંઈ કહેવું ન પડે! એક ટેભો પણ આઘાપાછો ન થાય!"

તે મારું નામ લઈને બોલ્યો અને ટેભાવાળું વાક્ય બોલ્યો એટલે મારી

નજર સામે તેનો ભૂતકાળ આવી ગયો. તેનું નામ રવિ રમેશભાઈ ટંકારિયા. તે મારા વર્ગમાં હતો ત્યારે મેં જોયું હતું કે, કપડાંને લગતું કોઈપણ કામ હોય તો ફટ દઈને આગળ આવી જાય. તેને એમ લાગે કે વર્ગમાં કાળુંપાટિયું ભૂસવાની ગાદી નબળી થઈ ગઈ છે, તો તરત જ નકામું કપડું શોધે, દફતરમાંથી સોઈ-દોરો કાઢે અને મંડી પડે હાથસિલાઈ કરવા. સોઈ-દોરો તો કાયમી સાથે હોય જ. ક્યારેક હું મસ્તી કરતો, "જોજે હો, સિલાઈ આડાઅવળી ન થઈ જાય!" એટલે તે કહેતો, "સાહેબ! એક ટેભો પણ આઘાપાછો ન થાય!" પહેલા તે ભણવામાં નબળો હતો. એટલે એક વખત મેં તેને ટકોર કરી હતી, "રવિ! આ ટેભા જ કામ નહિ આવે, શિક્ષણ પણ હોવું જરૂરી છે." તે દિવસ પછી તે મનમાં કંઈક નક્કી કરી લે છે. તેનામાં પરિવર્તન આવવા લાગ્યું. બીજા વિષયો કરતાં ગણિતમાં વધારે ફાવટ આવી ગઈ. એટલે એક દિવસ મેં તેને કહ્યું, "રવિ! તારું ગણિત તો તને ગણિતનો શિક્ષક કે એન્જીનિયર બનાવી શકે એટલું પાક્કું થઈ ગયું છે. તારે શું કરવું છે? કે પછી ટેભા જ ભરવા છે?" સમય વહેતો ગયો. તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી આજે તેને જોયો હતો.

હું મસ્તીમાં બોલ્યો, "રવિ! તો તો તેં ટેભા ભરવાનું કામ જ રાખ્યું!"

તે કહે, "તો તમે મને ઓળખી ગયા?"

મેં કહ્યું, "તારો ટેભો ક્યારેય ભુલાયો નહિ, એટલે તું યાદ રહી ગયો."

તે કહે, "પણ સાહેબ! મેં સીધેસીધા ટેભા ભરવાનું કામ નથી કર્યું. પહેલા તો ભણ્યો. બી.એસસી. બી.એડ્ પણ કરી લીધું. સરકારી નોકરીનો આદેશ પણ આવી ગયો. પણ નોકરીમાં હાજર ન થયો. નોકરીમાં ગયો હોત, તો મારો સિલાઈનો શોખ દૂર રહી જાત. મારા પપ્પાની ઈચ્છા તો 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે'વાળી કહેવત ખોટી પાડવાની હતી. એટલે નોકરી માટે ખૂબ આગ્રહ કર્યો. પણ હું ન માન્યો અને મારા શોખને ખાતર આ કામ સ્વીકાર્યું. જેમાં શિક્ષણ અને આવડતના લીધે મારી માસ્ટરી છે. કામ સતત મળ્યા જ કરે છે અને મારા જૂના શબ્દોમાં કહું તો, એક ટેભો પણ આઘાપાછો થતો નથી."

હવે હું બોલ્યો, "રવિ! એવું નથી કે નોકરી માટે જ ભણવું જોઈએ. નોકરી ન કરવી હોય, તો પણ સારું શિક્ષણ તો મેળવવું જ જોઈએ. સારું શિક્ષણ હશે તો જે વ્યવસાય કરશું, તેમાં પણ પારંગતતા આવશે. તેં આ વાતને સાચી કરી દેખાડી છે. ખૂબ ખૂબ ધન્યવાદ."

★ ★ ★

# 'સાગર' રામોલિયાનાં પ્રકાશિત પુસ્તકો

(૧) 'ખોડલગીત' – માતાજીનાં ગીતોનો સંગ્રહ – નવે. ૧૯૯૮
(૨) 'દયાનંદગાથા' – સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનનું અનુષ્ટુપ છંદમાં ૧૦૦૦ પંક્તિઓનું દીર્ઘકાવ્ય – ડિસે. ૧૯૯૮
(૩) 'મારી બલા' – હઝલસંગ્રહ – મે, ૨૦૦૨
(૪) 'અંતાક્ષરી જોડકણાં' – બાળજોડકણાં – જૂન, ૨૦૦૪
(૫) 'હરખાનો હલવો' – બાળવાર્તાઓ – નવે. ૨૦૦૪
(૬) 'સરદારનું ગીત' – ૨૭૦૦ પંક્તિઓનું, અનુષ્ટુપ છંદમાં, સરદાર પટેલના જીવનનું દીર્ઘકાવ્ય – ઓક્ટો. ૨૦૦૬
(૭) 'વિધવા' – ૧૯૦૦ પંક્તિઓનું, ગુજરાતી ગીતોના રાગમાં, સામાજિક દીર્ઘકાવ્ય – ઓક્ટો. ૨૦૦૬
(૮) 'કાબેલ કાબર' – બાળવાર્તાઓ – ૨૦૦૯, ૨૦૧૩
(૯) 'અન્નબગાડ મહાપાપ' – અન્ન વિષયક ચિંતન – ૨૦૧૩
(૧૦) 'જનરલ નોલેજ જોડકણાં' – સા.જ્ઞાનના જોડકણાં – ૨૦૧૩
(૧૧ થી ૨૧) 'કુતૂહલ' ભાગ ૧ થી ૧૧ – ૨૦૧૩
(સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી દીર્ઘજવાબી પ્રશ્નો)
(૨૨) 'મા! મારે ઊડવું છે!' – ઉત્સાહપ્રેરક ચિંતનવાર્તા – ૨૦૧૩
(૨૩) 'દિવ્યકાંત પટેલ : એક પ્રેરક વ્યક્તિત્વ' – ૨૦૧૪
(૨૪) 'સરદારના પ્રેરકપ્રસંગો' – ૨૦૧૪
(૨૫) 'ખમીરવંતો પટેલપરિવાર' – ૨૦૧૪
(૨૬) 'ગઝલ-હઝલની જોડી' – ૨૦૧૫
(૨૭) 'દરિયો' (૨૫૧ કંડિકાનું દીર્ઘ-મોનોઈમેજ) – જાન્યુ., ૨૦૧૮
(૨૮) 'અમે તો કારીગર' (બાળગીતો) – મે, ૨૦૧૯
(૨૯) 'મારા ઠોઠ વિદ્યાર્થીઓ' – સપ્ટે., ૨૦૨૦

વિશેષ : રામકથા અને ભાગવતકથાની જેમ સંગીતમય ત્રણ દિવસનું આયોજન થઈ શકે તેવી 'શ્રી સરદાર વલ્લભકથા' અને 'શ્રી ખોડિયારકથા'